Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૪ • તા. ૦૨ નવેમ્બર થી ૦૮ નવેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## KDO GLOBAL SUMMIT ON IT & EMERGING BUSINESSES

### EVENT PARTNER
### SHRI BHAWANJI ARJAN KHIMJI (1st MP of Kutch)



Shri Bhawnji Arjan Khimji



Shri Hans B. Khimji

**Shri Bhawnji Arjan Khimji** of Tera-Matunga, Mumbai is the Event Partner and are generously funding the entire cost of the Summit. Only registration charges will have to be paid by the participants.

Lots of Thanks to his far sighted son **Shri Hans B. Khimji.**

### KDO GLOBAL SUMMIT at BENGALURU ON 8TH & 9TH JAN- 2016.

- The summit at TAJ VIVANTA, Yeshvantpur, Bengaluru, a Five Star Hotel.
- As on 30-10-2015 noon **219** participants registered online. Total seats only 300.
- It is really a global event because so far the majority of registrations till today are from Adipur, Ahmednagar, Bagalkot, Bengaluru, Bellary, Chennai, Gadag, Gandhidham, Hubballi, Hyderabad Jalna, Jalgaon, Karanja, Koppal, Panchora, Panjim, Mumbai, Nagpur, Raipur, Salem, Surat apart from the States, Canada, Nigeria and Dubai.
- About 25 speakers, including 12 eminent speakers of our community will be sharing their experiences during the summit.
- For exhibiting and display of their products or projects and also for discussion with the speakers, required number of stalls will be erected.
- Smart Community Niti - Udaan for the development of our community will be launched.
- For further details please visit www.kdoglobalsummit.com

# હાર્દિક અભિનંદન

## ખૂબ વધારી લોડાયા પરિવારની શાન

**કુ. નમ્રતા** એ B.Tech (I.T.) અને M.B.A. (Operations) કોલેજ **NMIMS** માં **85%** ગુણાંક મેળવી પોતાની શૈક્ષણિક કારકિર્દિને યશસ્વી બનાવી છે... અને આજે પ્રખ્યાત **Musafir.com** કંપનીમાં I.T. - Business Analyst ની Post પર મુંબઈમાં કામ કરી પોતાના પરિવારના શાન વધારી છે.

આ સિદ્ધિ બદલ તેને અંતરભીના અભિનંદન! **કુ. નમ્રતા** હંમેશા જીવનના દરેક ક્ષેત્રે વધુને વધુ સિદ્ધિઓ તેમજ વધુને વધુ પ્રગતિ હાંસલ કરે એવી અમારી શુભકામના તેમજ શુભાશીષ.





**કુ. નમ્રતા હરિશ શીવજી લોડાયા**

ગામ : કચ્છ – નલિયા, હાલ : ઈટારશી

: શુભેચ્છક :

**માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા પરિવાર**

**માતુશ્રી દમયંતી ઉમરશી ઘ્રોળ પરિવાર**

**માતુશ્રી સોનબાઈ ખીમજી કાયાણી પરિવાર**

માતા-પિતા : **પ્રેમીલાબેન હરીશ લોડાયા**

કાકા-કાકી : **તરુલતા વિજય લોડયા • યોગેશ શિવજી લોડાયા**

બહેન : **મેઘના વિજય લોડાયા**

ભાઈ : **લોકેશ વિજય લોડાયા**

**ફઈ-ફુવાઓ-માસા-માસીઓ-મામા-મામી તેમજ સર્વ સ્વજનો અને મિત્રવર્તુળ**

**લખમશી હીરજી લોડાયા પરિવારના જય જિનેન્દ્ર**

**Bharat Transport Co.** Itarsi (M.P.)

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 44/2015

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જ્ઞાતિના લગ્નોત્સુકોને ઈન્ફોર્મલ મંચ આપવાનો પડકાર

જ્ઞાતિના લગ્નોત્સુકોને એક બીજાથી પાસે લાવવાના બે સફળ કાર્યક્રમો હમણાંજ યોજાઈ ગયા. નોંધ પાત્ર વાત એ રહી કે અગાઉની ઘરેડ થી અલગ જઈ બન્ને કાર્યક્રમોના આયોજકોએ લગ્નોત્સુકોને ઈન્ફોર્મલ વાતાવરણ પૂરું પાડવા સભાનતાપૂર્વક પ્રયત્નો કર્યા.

પહેલો કાર્યક્રમ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા અને બીજો કાર્યક્રમ મુંબઈ મહાજનશ્રી દ્વારા યોજાયો. બન્ને કાર્યક્રમોમાં લગ્નોત્સુકોને એક બીજાથી પરિચિત કરવા, તેમને શ્રેષ્ઠ પસંદગી કરવા અને કરેલ પસંદગી પ્રમાણે દીર્ઘ સહજીવન જીવવા અંગેની સમજણ આપવા માટે સમર્થ પ્રોફેશનલોની મદદ લેવાઈ.

બન્ને કાર્યક્રમમાં ફરક એટલો રહ્યો કે પ્રથમ કાર્યક્રમના આયોજકોને ૩૫૦ જેટલા ઉમેદવારોની જરૂરતો સંતોષવાની હતી. વળી તેમાં છોકરીઓનું પ્રમાણ ૩૫% જેટલું જ હતું.

બીજા કાર્યક્રમના આયોજકો આ બાબતમાં થોડા ભાગ્યશાળી રહ્યા કેમકે આજ પ્રકારનું એક આયોજન હમણાંજ થયું હોવાથી તેમને ૧૭૫ જેટલા જ લગ્નોત્સુકો માટે વ્યવસ્થા કરવાની આવી. વળી કુદરતી રીતે એ કાર્યક્રમમાં છોકરીઓનું પ્રમાણ/ ટકાવારી થોડા વધારે હતા.

બીજા કાર્યક્રમના આયોજકોએ વધુ ઈન્ફોર્મલ વાતાવરણની ખાતરી આપી હોવાથી બીજા કાર્યક્રમમાં સહભાગી થનારાઓમાં સરેરાશ વય, છોકરાઓની સરેરાશ વય તથા છોકરીઓની સરેરાશ વય લગભગ ૩ થી ૪ વર્ષ જેટલી ઓછી રહી.

બીજા આયોજનમાં પારિવારિક પ્રયત્નોથી જેમના લગ્ન ન ગોઠવાયા હોય, એટલે સમાજ દ્વારા અપાતા મંચનો લાભ લેવા આવેલા ઉમેદવારો ઉપરાંત બીજા કાર્યક્રમમાં પોતે પોતાની રીતે પોતાના સંતાનને વૈવિધ્યપૂર્ણ અને મોટી પસંદગી નહીં આપી શકે એવું માની સમાજના મંચનો લાભ લેવા આવેલા જેમને સાવ ફ્રેશ ઉમેદવારો કહી શકાય તેવાની સંખ્યા લગભગ ૧૫ ટકા જેટલી હતી.

બીજી કાર્યક્રમમાં વધુ ઈન્ફોર્મલ વાતાવરણ પૂરું પાડવાનું વચન પૂરું કરવાનું હતું અને કુદરતી રીતે ઓછી સંખ્યા સંભાળવાની હોવાથી આયોજકો પ્રશ્નોત્તરી દ્વારા ઉમેદવાર પોતાના મંતવ્યો સંભવિત ઉમેદવાર સુધી પહોંચાડી શકે તેવી વધારાની તક આપી શક્યા.

બન્ને આયોજકોએ જે પ્રોફેશનલને પસંદ કરેલા તે પોતાના કામમાં કુશળ હતા પણ બીજા કાર્યક્રમના સંચાલક પ્રોફેશનલ પાસે વધુ સમય અને કચ્છી જૈન માનસથી વધુ પરિચિત હોઈ તેઓ સમુદાયોના યુવાનો જીવનમાં કેવી કેવી પરસ્થિતિનો સામનો કરે છે એ બાબત અંગે પોતાને ત્યાંના ઉમેદવારોને વધુ બોલતા કરી શક્યા. તેમાંથી કેટલીક જાણવા જેવી સામાજિક માહિતી રસપ્રદ રીતે બહાર આવી જેમકે

૧) કચ્છી દશા ઓસવાળ સમાજના યુવાનો પોતાની જીવનસાથી માત્ર પૈસા મેળવવા ઘરની બહાર નોકરી કે, વ્યવસાય કરતી હોય તો તે વહેલી તકે કુટુંબ પર ધ્યાન આપે તેવી સ્થિતિ સર્જાય એવું જોઈએ છે. સામે પક્ષે જો પોતાની જીવનસાથી તેણે મેળવેલ પાત્રતા-લાયકાતનો ઉપયોગ કરવા નોકરી કે વ્યવસાય, ધંધો કરતી હોય તો કુટુંબ પર ઓછું ધ્યાન આપી શકે તો વાંધો નથી. હા, એવી અપેક્ષા જરૂર છે કે તે પોતાની આવકમાંથી બધી પોતાના પર વાપરવાને બદલે આખા ય પરિવારના ભલા માટે ખર્ચે. સમસ્ત પરિવારના હિતોનુંય ધ્યાન રાખે.

૨) આજની યુવતી પોતાનો જીવનસાથી રેડીમેડ સાધન સંપન્ન હોય તેના કરતા પોતાના સહકારથી સિધ્ધિ મેળવનાર બને તે વધુ ઇચ્છનીય ગણે છે.

## પ્રકાશ સમીક્ષાનો સંયુક્ત અંક

**દિવાળીની રજાઓને ધ્યાનમાં રાખીને પ્રકાશ સમીક્ષાનો આવતો અંક ૪૫ અને ૪૬ નંબરનો સંયુક્ત અંક હશે. જે મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૧૫ના પોસ્ટ કરવામાં આવશે અને તે પછી ૪ દિવસ દિવાળીની રજા નિમિત્તે કાર્યાલય બંદ રહેશે. એ પછીનો અંક મંગળવાર તા. ૨૪-૧૧-૨૦૧૫ના પોસ્ટ થશે. મંગળવાર તા. ૧૭-૧૧-૨૦૧૫ના અંક પોસ્ટ થવાનો નથી એ વાત ધ્યાનમાં રાખીને આપની જાહેરાતો અને સમાચારો સમયસર મોકલવા વિનંતી.**

૩) યુવક-યુવતી બંન્ને સંયુક્ત કુટુંબ પાબંધીઓ લાદતું ન હોય ઉલ્ટાનું કામ વહેંચાઈ જવાથી વધારે હળવાસથી જીવન જીવવાની તક આપતું હોય તો તેને પસંદ કરે છે. આજની ક.દ.ઓ યુવતી માને છે કે યુવક સાધન સંપન્ન ઘરનો હોય તો પણ તેની થનાર પત્નીએ ઇચ્છવું જોઈએ કે તે તેની મદદથી પરિવારની સફળતાની લીટી મોટી કરે.

૪) ક.દ.ઓ. યુવક-યુવતી બંન્ને યોગ કે હળવી કસરતથી શારિરીક સજ્જતા લાંબો સમય ટકાવી રાખવાનું પસંદ કરે છે. ઘણાએ સાઈડ કારકિર્દી તરીકે યોગની તાલીમ આપનાર થવાનું પસંદ કર્યું છે.

બન્ને કાર્યક્રમના આયોજકોએ કાર્યક્રમને ઈન્ફોર્મલ બનાવવા પ્રયત્ન કરેલો તે છતાં જ્યારે નાના નાના ગ્રુપમાં એકબીજા સાથે પરિચય વધારવાની વાત આવી ત્યારે છોકરા-છોકરી બન્નેએ સંકોચ અનુભવ્યો.

આનો અર્થ એમ થયો કે ભાવિ આયોજકોએ ઈન્ફોર્મલ વાતાવરણ પછી પણ પોતાની જાતને ઠીક રીતે વ્યક્ત ન કરી શકનારા કોઈક રીતે પોતાની જાતને વ્યક્ત કરતા થાય એ માટે વિશેષ જહેમત લેવાની રહેશે.

બન્ને આયોજકોએ લગ્નોત્સુકો વાલીઓની મદદ વગર નજીક આવે તે માટે ગોઠવણ કરી હતી પણ પ્રથમ કાર્યક્રમમાં પૂરા સમય માટે તથા તે પછી પણ ઘરે લઈ જ્યા બુકલેટ અપાતી હોઈ એને આગોતરી તૈયારીનું મુખ્ય સાધન બનાવ્યુ હતું જ્યારે બીજા કાર્યક્રમમાં બુક નહોતી તેથી યોગ્ય નિર્ણય લેવામાં મુશ્કેલી પડી.

હકીકતમાં જો લગ્નોત્સુકને શક્ય તેટલું વધુ ઈન્ફોર્મલ વાતાવરણ આપવું હોય તો સવારથી સાંજ યુવક-યુવતીઓ તેમને પસંદગી અને ભાવિ સહજીવનના પડકારો સમજાવનાર તેમજ એક બીજા સાથે વ્યક્ત થવામાં મદદ કરનાર પ્રોફેશનલ સિવાય કાર્યકર્તાઓ પણ ઓછા હોય એવો આગ્રહ રાખવો રહ્યો.

વડીલોને છેક સાંજેજ બોલાવવા જોઈએ. તેમને સવારના થયેલું તેની સીડી વતાવી પોતાના સંતાનો સાથે પસંદગીની વિચારણા કર્યાબાદ સંભવિતો સાથે વાતચીત કરવા દેવી જોઈએ.

વડીલોની હાજરીથી યેનકેન પ્રકારે ઝડપી પરિણામ લાવવાની વૃત્તિ ઊભી થાય છે, જે અનિચ્છનીય છે.

મહાજન હોય કે સંસ્થા પોતે કેટલું સારું કામ કરે છે તેવો વટ પાડવા આગેવાનોને બોલાવે છે જેમની હાજરીથી આયોજક આગેવાનો અને કાર્યકર્તાઓનો એક વર્ગ તેમની સરભરામાં રોકાયેલો રહે છે ખરેખર જે કામ કરવાનું છે તેમાં અકારણ બહુ મોટી અડચણ ઊભી થાય છે. માટે તે સમાનતાપૂર્વક બંધ કરવું રહ્યું.

લગ્નોત્સુકોને બે ચાર દિવસ સાથે રાખીને નજીક લાવવા હોય તે સિવાય શહેરથી દૂર રહેલા રિસોર્ટો પર જવાની કાંઈ જરૂર નથી જોકે આદર્શ વ્યવસ્થા કદાચ એ જ ગણી શકાય કે છોકરો કે છોકરી ૨૧ વર્ષના થાય અને ત્યાં સુધી તેઓ ચારેક મહિને ભારતના વિવિધ ખૂર્ણે યોજાતી ટ્રીપોમાં જઈ એક બીજા સાથે મળવાની તક આપી શકાય તો તેઓ ખરેખર લગ્નોત્સુક બને તે પહેલાં ખરા અર્થમાં ઈન્ફોર્મલ રીતે પોતાના સંભાવિત જીવનસાથીને આળખતા થઈ, બુધ્ધિસંગત શ્રેષ્ઠ પસંદગી કરી શકે.

આખી ઘટનામાં વડીલોનો પ્રવેશ ઘણો પાછળથી થવો જોઈએ. હકીકતમાં આજના જમાનામાં વડીલો/મધ્યસ્થો દ્વારા ગોઠવાયેલા લગ્નો કરતાં આવી મુક્ત રીતે એક બીજાને ઓળખી યુવાનો-યુવતિઓ સેલ્ફ એરેંજડ (સ્વયં ગોઠવેલા) લગ્નો આજના જમાના સાથે વધુ સુસંગત છે.

લગ્નોત્સુકોને મદદ કરવા માટે તાજેતરમાં યોજાયેલા પ્રોફેશનલની મદદથી સાચી સમજણ કેળવી શ્રેષ્ઠ પરિણામ લાવવાની જે શરૂઆત થઈ છે, લગ્નોત્સુક તથા તેમના કુટુંબો માટે જ નહીં સમસ્ત જ્ઞાતિ માટે પણ ખુશીની વાત છે.

**- ચંદ્રસેન મોમાયા**


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| **પ્રકાર** | **સાઈઝ** | **કલર** | **બ્લેક/વ્હાઈટ** |
| **આખું પાનું** | **160 x 225 mm** | **9,000/-** | **5,000/-** |
| **અડધું પાનું** | **160 x 111 mm** | **5,000/-** | **2,700/-** |
| **પા પાનું** | **77 x 111 mm** | **3,000/-** | **1,500/-** |
| **૧/૮ પાનું** | **77 x 54 mm** | **-** | **800/-** |
| **૧/૧૬ પાનું** | **77 x 27 mm** | **-** | **450/-** |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ભાડુંપમાં ક.દ.ઓ.નો વસવાટ ભાગ-૧

**સ : રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ - 09820336767

આજે સ્કુલો, કોલેજો, બેંકો, હોટેલો, હોસ્પિટલો, ડ્રીમ મોલ કે નેપ્ચ્યુન મેગનેટ જેવા વિશાળ મોલો અને એશિયાનો સૌથી મોટામાં મોટો જલશુધ્ધિકરણનો પ્લાન્ટ ધરાવતું અને સીમેન્ટ કોંક્રીટથી ભરપુર લાગતું ભાંડુપ ૭૫ વરસ પહેલાં ગાઢ જંગલ હતું. ચોર, ગુનેગારોને રહેવાનું સ્થળ. વરસો સુધી હરીફ ગેંગો પોતાનું વર્ચસ્વ પુરવાર કરવા ઝગડતી રહેતી. ભાડુંપ નાહુર અને કાંજુરનો વિસ્તાર મળી ભાડુંપનો વિસ્તાર હતો.

આજથી ૧૩૫ વરસ પહેલાં સને ૧૮૮૦માં વસતી હતી માત્ર ૮૮૪, કહેવાય છે કે શીવનું એક નામ ભાંડુપેશ્વર અને એ નામનું શિવનું એક પ્રાચીન મંદિર ભાંડુપમાં આવેલું છે, તે પરથી આ વિસ્તાર ભાંડુપ તરીકે ઓળખાયો.

સને ૧૮૦૩માં ઈસ્ટ ઈંડીયા કંપનીએ ભાંડુપ વિસ્તાર મુંબઈના સરકારી અધિકારી અને મુંબઈ કુરીઅરના સંપાદક શ્રી લ્યુક એશબર્નરને નજીવા ભાડે આપ્યો. શ્રી લ્યુક એશબર્નરને આ પ્રોપર્ટી બ્રિટીશ લશ્કરને સરકારી રમ (એક પ્રકારનો દારૂ) સપ્લાય કરવાના કોન્ટ્રેક સાથે તેના મેનેજર કેશવજી માણેકજી ૫૦૦૦ પાઉન્ડમાં વેંચી નાખ્યો. સને ૧૮૩૨માં ઈંગ્લેંડથી દારૂ બનાવવાની મશીનરી આવી અને એજ વરસે બ્રિટીશ લશ્કરને ૧ લાખ ગેલન રમ પુરી પાડવામાં આવી. આ ડીસ્ટલરી એ વખતની દારૂ બનાવતી મુંબઈની બે ફેક્ટરી પૈકીની એક હતી.અન્ય ફેક્ટરી ઉરણ ખાતે હતી. સમય જતાં મોરેસીયસથી સસ્તો દારૂ આવતો થયો અને મુંબઈમાં અન્ય દારૂ બનાવતી ફેક્ટરી થતાં હરીફાઈ વધી તેથી ભાંડુપની ફેક્ટરીને મળતો કોન્ટ્રેક બંધ થયો. સને ૧૮૭૮માં ફેક્ટરી બંધ થઈ. સને ૧૮૭૯-૮૦માં થોડો સમય માટે ફરી ચાલુ થઈ પરંતુ થોડા સમયમાં ફરી બંધ થઈ.

આજે મુંબઈની જીવાદોરી સમાન રેલ્વે છે. તેની ભારતમાં નિર્માણનો (મુંબઈ-થાણ-કલ્યાણ રેલ શરૂ કરવાનો) વિચાર મુંબઈ સરકારના ચીફ એન્જીનીયર મી.જ્યોર્જ કલાર્કને સને ૧૮૪૩માં ભાંડુપની મુલાકાત વખતે આવેલો. તા.૧૬.૦૪.૧૮૫૩ના ૩.૩૫ મિનિટે ૪૦૦ માણસોને લઈ ૧૪ ડબ્બાની ૩ એંજીનથી ચાલતી મુંબઈ-થાણા વચ્ચેની ટ્રેન ૨૧ તોપોની સલામી સાથે મુંબઈથી પ્રથમવાર ઉપડી. આ ટ્રેને ભાંડુપ ખાતે એંજીનમાં પાણી ભરવા સૌ પ્રથમ રોકાણ કર્યુ તેથી


shantijin
प्रसन्नता...सर्वदा

SILVER JUBILEE 25 1991 - 2015

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ**
અને
**શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન મહાજન - ભુજ**
આયોજિત

**રજત જયંતી સમૂહ લગ્નોત્સવ - ૨૦૧૫**

**શનિવાર-રવિવાર, ૧૨-૧૩ ડિસેમ્બર ૨૦૧૫ | ટિન સિટી ગ્રાઉન્ડ, ભુજ, કચ્છ**

સમસ્ત જૈન સમાજ માટે આયોજિત સર્વોત્કૃષ્ટ સમૂહ લગ્નોત્સવમાં દરેક જૈન પરિવારને, લગ્નોત્સુક યુવક-યુવતીઓને જોડાવા સહર્ષ નિમંત્રણ. અનેક મહાનુભાવોની ઉપસ્થિતિ, વિનામૂલ્યે શ્રેષ્ઠ સગવડો, અનેક ભેટ-સોગાદો સહિત કન્યાદાન ઉપરાંત અપાર આનંદ સાથે પાર પાડનાર આ ઉત્સવને યાદગાર બનાવીએ !

• ભવ્યાતિ ભવ્ય આયોજન • વિશાળ પટાંગણ • જાનૈયા-માનૈયાના સ્વાગતથી વિદાય સુધી જાજારમાન પ્રસંગ
• દરેક યુગલને આકર્ષક ભેટ-સોગાદો • અનેક પ્રાદેશિક, રાષ્ટ્રીય મહાનુભાવોની ઉપસ્થિતિ

**આવો સુવર્ણ લગ્નોત્સવ વારંવાર ના આવે, સ્નેહીજનો તમને સમાજ જોડાવાને ભાવથી બોલાવે !**

અનેક પરિવારો સમૂહલગ્ન માટે ફોર્મ ભરી ચૂક્યા છે. તમે હજી જોડાયા નથી? તો આ ક્ષણે જ સંપર્ક સાધો અને અવિસ્મરણીય સમૂહલગ્નના ભાગીદાર/સાક્ષીદાર થવાનો મેળવો લહાવો.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ: ૦૭/૧૧/૨૦૧૫**

નિમંત્રક

| શ્રી શાંતિજિન જૈન જાગૃતિ - મુંબઇ | શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન મહાજન - ભુજ |
|---|---|
| અધ્યક્ષ: જયેશ જૈન, ઉપાધ્યક્ષ: ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા | પ્રમુખ: તારાચંદ જગશી છેડા |

સમૂહ લગ્નોત્સવમાં જોડાવા, ફોર્મ મેળવવા કે અન્ય માહિતી માટે સંપર્ક સૂત્રો
ગોવિંદજી પટેલ - મુંબઇ: ૯૮૨૦૫ ૪૦૯૪૯ • કિરણ દંડ - મુંબઇ: ૯૮૩૩૮ ૦૮૨૪૪ • ચંદ્રકાંત પાસડ - ડોંબિવલી: ૯૮૨૦૧ ૭૧૧૮૮
પ્રબોધભાઇ મુનવર - ભુજ, કચ્છ: ૯૯૨૫૧ ૬૯૮૭૬ •રમણભાઇ શેઠિયા - ડોંબિવલી: ૯૮૧૯૭ ૨૩૬૬૩ • પ્રફુલભાઇ ગાલા - નાલાસોપારા: ૯૩૨૬૪ ૭૦૧૬૩
અરવિંદ લોડાયા - ગાંધીધામ: ૯૮૨૫૬ ૩૪૬૪૯ • વીરેન્દ્ર લોડાયા - મુંબઇ: ૯૮૨૧૦ ૭૩૮૩૦

ભાંડુપ પ્રથમ સબર્બ રેલ્વે સ્ટેશન બન્યું ગણાય. આ દિવસને પબ્લીક હોલીડે જાહેર કરવામાં આવેલ.

મુંબઈનું એક વખતનું સસ્તી શાકભાજી મેળવવાનું સ્થળ ભાંડુપ ગણાતું. પૂર્વ ભાંડુપનો મોટા ભાગનો વિસ્તાર ભારતીય મીઠા ખાતાને તાબે હતો. જંગલોમાંથી ફેક્ટરીની શરૂઆત સને ૧૯૩૭ થી થઈ. કાંજુરમાર્ગ ખાતે આવેલી ક્રોમ્પટન ગ્રીવ્ઝ પ્રથમ ફેક્ટરી આગળ જતા ફેક્ટરીની સંખ્યા ૧૨૦૦ થી ઉપરની થઈ અને વધતી જતી ફેક્ટરીઓને કારણે ભાંડુપ પ્રદુષણની રીતે ખરાબ ગણાવા લાગ્યું.

સમય જતાં મુંબઈમાં વસતી વધતા જગ્યાનો અભાવ થતા અને જમીનની કિંમત વધતા ધીમે ધીમે ફેક્ટરીઓ જેમની પાસે વિશાળ જગ્યાઓ હતી તે અન્ય સ્થળે શીફ્ટ થવા માંડી અને ભાંડુપનો વર્તમાન વિકાસ શરૂ થયો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ રોડનાં વિકાસથી ભાંડુપનું જીવન ધોરણ સુધર્યુ.



ભાંડુપમાં જૈનોની વસતી ક્યારે થઈ તેની ચોક્કસ માહિતી મળતી નથી. ૧૩મી સદીમાં (ગુજરાતમાં) રાજા ભીમદેવ થયા જેઓ મુંબઈના રાજા (પણ) હતા તેનાં વખતમાં ઘણા ભંડારી જૈનો તેના અધિકારી હતા. ભંડારી જૈન મારવાડ રાજસ્થાનની ઓસવાલની એક જાત છે. છત્રપતિ શીવાજી મહારાજના સમયમાં ભંડારી જૈનો એમના અધિકારી હતા. થાણા-કોંકણ અને ગોવા વિસ્તારમાં ઘણાં ભંડારી જૈનોનો વસવાટ હતો.

સને ૧૯૫૦ સુધી ભાંડુપમાં મુંબઈની હદમાં ન હતું. સને ૧૯૫૦માં મુંબઈની હદ ભાંડુપ સુધી વિસ્તરી. ભાંડુપમાં કચ્છી દસા ઓસવાલનો વસવાટનો ચોક્કસ સમય મળતો નથી. જુની નોંધ પરથી જાણી શકાય છે કે ભાંડુપ (પશ્ચિમ)માં સુથરીના જેઠાભાઈ વીરમ કાનજી ખોનાની વિશાળ જમીન હતી. મુંબઈ મહાજનનાં જુના રીપોર્ટ મુજબ સને ૧૮૮૫ આસપાસ આપણી જ્ઞાતિનાં ૬૦-૭૦ ભાઈઓએ બંગલા બનાવવા માટે શ્રી જેઠાભાઈ પાસેથી જમીનો ખરીદી. જે ઉપરથી જાણી શકાય છે કે ૧૩૦ વરસ પહેલા આપણી જ્ઞાતિનો ભાંડુપમાં વસવાટ હતો.

આપણી જ્ઞાતિના સામાન્ય વર્ગને ઉપયોગી થઈ શકે તેવા એક આરોગ્ય ભવન (સેનેટોરીયમ) જે મુંબઈની આજુબાજુ રેલ્વેની સગવડતા ધરાવતા પરામાં બાંધવાનો વિચાર આપણા આગેવાનોને આવ્યો જેને પુષ્ટી આપી શ્રી જેઠાભાઈ વીરમ ખોનાએ વિશાળ જમીન મહાજનનો આપી. તા.૧૬.૦૪.૧૯૦૨ની રાત્રે મળેલ મુંબઈ મહાજનની સભામાં શ્રી જેઠાભાઈ ખોનાએ ભાંડુપમાં આવેલી તેમની માલીકી હેઠળનો ૬૦૦૦ ચો. ની જગ્યા તથા તેમાં કુવો વિ. બાંધવા રૂા.૫૦૧ ની રકમ પોતાના સ્વ.પુત્ર ભાણજીનાં સ્મરણાર્થે અર્પણ કરવાની જાહેરાત કરી જેનો મહાજને સહર્ષ સ્વીકાર કર્યો. એજ સભામાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી જેઠાભાઈ નરશી કેશવજી નાયકે ઉપરોક્ત જગ્યામાં કોઈ આરોગ્ય ભવન બાંધવામાં આવે તો પિતા સ્વ.નરશી કેશવજી સ્મરણાર્થે બે રૂમ બંધાવી આપવાની ઈચ્છા પ્રદર્શિત કરી. આમ શરૂઆતમાં છ કુટુંબો રહી શકે એવું આરોગ્ય ભવન બંધાયું. આરોગ્ય ભવન ખર્ચ રૂા.૬૦૦૦ ગૃહ ચૈત્ય નિર્માણ ખર્ચ રૂા.૩૦૦૦ તથા કુવા વિ.માટે રૂા.૧૦૦૦ ખર્ચ મળી રૂા.૧૦૦૦૦નો ખર્ચ મહાજને કર્યો જે પાછળથી દિલેર દિલ જ્ઞાતિ દાતાઓએ ભરપાઈ કરી આપ્યો.

આ જગ્યા ઉપર વાયવ્ય ખુણામાં લાકડાનું (કાષ્ઠ) ઘર દેરાસર નલીયાના શ્રી વેરશી માલસી એ બંધાવી આપ્યું જેના સલાટ હતા શ્રી વેલજી લધા. આ દેરાસરમાં મુલ નાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા સવંત ૧૯૬૦ અષાઢ સુદ ૫ ને રવીવાર


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



**શ્રી અરિહંત ટ્રેડીંગ** સાદા, ઘી સાદા, ઘી જીરા, માંગરોલી, મઠ, ચોળાફરી, ઘઉ, બાજરી, ભાખરી અને મુંગ આદિ પ્રકારના ખાખરા ઓર્ડરથી બનાવી તેમજ વિવિધ ચિક્કીઓ અને ચેમ્બુરના આદેશ્વર દેરાસર ખાતે મળતી વસ્તુઓની હોમ ડિલીવરી કરવામાં આવશે.

સંપર્ક : કીર્તી શીવજી મૈશેરી, ભાંડુપ - નાની સિંધોડી

મો.: 09920089346 / 099308 23619

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી અંબામાતાય નમઃ || || શ્રી ભલારાદાદાય નમઃ ||



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાની સમુહ પહેડી

સહર્ષ જણાવવાનું કે આ વર્ષની સમુહ પહેડીનું આયોજન સંવત ૨૦૭૨, માગસર સુદ ૧૦ ને **રવિવાર, તા. ૨૦/૧૨/૨૦૧૫** નાં શુભ દિને કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વે છેડા ગોત્રના ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

[redacted]

**માતાજીની છબીની સ્થાપના** : સવારના ૯.૧૫ કલાકે • **ભક્તિ સંગીત** : સવારના ૯.૧૫ કલાકથી

**પહેડી પ્રસાદ** : બપોરના ૧.૧૫ કલાકથી • **ઉથાપન વિધિ** : બપોરના ૨.૩૦ કલાકે

**શુભ સ્થળ**

[redacted]

[redacted]

- ચડાવાની બોલી સવારના ૧૦.૩૦ થી શરૂ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.
- સર્વે ભાવિકોને સમયસર હાજર થઈ વિધિ વિધાન, ભક્તિ સંગીત લાભ લેવા ખાસ વિનંતી.
- નિયાણી બહેનોને સહપરિવાર પધારવા નિમંત્રણ છે. આપના કુટુંબની નિયાણીઓને આ પહેડીનો સંદેશ આપી, જરૂરથી લઈ આવવાની જવાબદારી ભાવિકોની રહેશે. સહકુટુંબની વ્યાખ્યામાં નિયાણીઓના પરિણિત સંતોનોનો સમાવેશ થશે નહીં.
- પહેડી દરમ્યાન કાળાવસ્ત્રો પહેરવા વર્જીત છે.
- છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીની માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૩૦-૧૧-૨૦૧૫ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. પહેડી દરમ્યાન સરસ્વતી બહુમાન કરવામાં આવશે. **સ્ટીચ એલ,** જે.એન.રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. **માણેકજી વસનજી છેડા,** પ્રતાપ પેલેસ, રૂમ નં.૯/૧૦, જે.એન.રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- ભાવિકો સમયસર પધારતા નથી. જેથી પહેડી કાર્યક્રમમાં વિલંબ થાય છે. તેથી સર્વે ભાવિકોને સમયસર પધારવા આગ્રહભરી વિનંતી.
- જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ તથા સરસ્વતી બહુમાન ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ માટે સ્પોનસરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

**વધુ વિગત માટે સંપર્ક સાધો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | ૯૮૧૯૫૫૬૭૬૭ | દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | ૯૩૨૧૪૭૮૨૭૦ | હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૯૩૨૨૧૦૮૦૮૬ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૩૩૫૯૭૪૬૫ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ પદમશી છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | ભાંડુપ | ૯૮૬૭૩૬૮૯૭૦ |

તા. ૧૭.૦૭.૧૯૦૪ના કરાવી વહીવટ શ્રી મુંબઈ મહાજનને સોંપ્યો.

પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ૬૦૦૦ જેટલા ભાઈ-બહેનોની ઉપસ્થિતિ હતી. ભાંડુપ-મસ્જીદ વચ્ચે ખાસ ટ્રેનો દોડાવવામાં આવેલ. ભાંડુપમાં બંગલા માટે જમીન ખરીદનાર શ્રેષ્ઠીઓએ પ્રતિષ્ઠા મહોત્સવ ફંડમાં ઉદાર દિલે ફાળો આપેલ. આ શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાજી ઐતિહાસિક કેશવજી નાયકના પાલીતાણા અંજન શલાકા સમયની સં.૧૯૨૧ની છે જે વર્તમાન જિનાલયના ઉપરના માળે બીરાજમાન છે આ ગૃહ ચૈત્યનો ફોટો મુંબઈ મહાજનનાં જુના રિપોર્ટમાંથી મળેલ છે. જેને ડેવલપ કરાવી નવી પ્રીન્ટ બનાવી દર્શનાર્થે પ્રદર્શિત કરેલ છે.

**ભાંડુપનું શ્રી મહાવીર સ્વામી ગૃહ ચૈત્ય.**

આરોગ્ય ધામ માટે શ્રી હીરજી ખેતશી મેપાણી (ગુંદરવાળા) પરજાઉએ ડેલીની જમણી બાજુ ઉપર ૩-૩ રૂમો બંધાવી આપી. ડેલીની ડાબી નીચે ધર્મ આરાધના માટે ઉપરનાં ભાગે ધર્મ આરાધના તથા નીચે સાધુ-સાધ્વીઓ માટે વિશાળ ઉપાશ્રય તથા નીચે ૪ રુમો સ્ટાફ માટે બની. આ બે ચાલોની વચ્ચે કચ્છમાં હોય તેવી વિશાળ ડેલી હતી. જેમાં એક બાજુ ક્ષેત્રપાળ દાદા તથા બીજી બાજુ ઝરમર માતાજીની સ્થાપના કરવામાં આવી.

ડેલીમાં વિશાળ ઓટલા હતાં. આ ડેલી અનેક વટેમાર્ગુઓનું વિશ્રામ સ્થાન હતી. અહીંના કુવાનું પાણી ખૂબ જ મીઠું હતું ઠંડા પાણીનો આહલાદ્ અનેક વટેમાર્ગુ લેતા.

જ્યારે લાઈટ ન હતી ત્યારે ભાંડુપનાં આ કુવાનું પાણી ઘણી જગ્યાએ જતું. પાછળથી આ આરોગ્ય ધામમાં ઘણા નવા રૂમો ઉમેરાયા. શ્રી જેઠાભાઈ દામજી, શ્રી રતનશી માણેકજી દામજી તથા દામજી મેઘજીનાં સુપુત્રોએ બે રૂમ, શ્રી ભારમલ મેઘજી (સુથરી)નાં ટ્રસ્ટીઓએ ૪ રૂમ તથા વાંકુનાં શ્રી ભારમલ રતનશી લોડાયાએ એક રૂમ બંધાવી આપ્યા. આરોગ્ય ભવનમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી વાસણો, ગાદલા, ગોદડાં અને ફર્નીચર ભેટ મળ્યા. મહાજનનાં વાસણો માટે સં ૧૯૬૦માં ટીપ થયેલ જેનાં વાસણો ખરીદવામાં આવ્યા.

સં.૧૯૬૨માં શ્રી જેઠાભાઈ દામજી સુથરીવાળાનાં ઉઠમણાં પ્રસંગે ચૈત્ર વદ ૭ રવીવારનાં શુભ ખાતાની શરૂઆત થઈ, જે મુજબ ઉઠમણા પ્રસંગે ભરવામાં આવતી રકમ જ્ઞાતિ હસ્તકનાં પાંચ ખાતા શ્રી ક.દ.ઓ.જૈન પાઠશાળા, બોર્ડિંગ, જ્ઞાનશાળા, નિરાશ્રીત ફંડ અને ભાંડુપ સેનેટોરીયમ દરેકમાં પાંચમો ભાગ આપવામાં આવતો જે મુજબ સેનેટોરીયમ ખાતાને પણ રકમ મળતી.

સેનેટોરીયમમાં કુવો અને પાણી કાઢવાનો રેંટ હતો. સેનેટોરીયમ તથા દેરાસર ફરતે ગઢ(કોટડી) હતી. જિનાલયમાં પેઈન્ટ ધુરીધર નારાયણે સુંદર રંગીન પેઈન્ટીંગ ચિત્રો બનાવેલ. સેનેટોરીયમમાં વિશાળ બગીચો હતો જેની દેખભાળ કરવા બે માળી હતા. બગીચામાં પુષ્કળ ફલ-ફુલો થતાં હતાં.

ભાંડુપનું સૌભાગ્ય હતું કે અહીંના બગીચાના ફુલો દરરોજ મુંબઈ શ્રી અનંતનાથ ભગવાનને ચઢતા હતા!!!. દરરોજ વહેલી સવારે તાજા ફૂલો લઈ દેરાસરનો માણસ મુંબઈ જતો હતો.

અહીંથી દૂર સૂધીનો ખુલ્લો ડુંગર સુધીનો વિસ્તાર જોઈ શકાતો. ચોમાસામાં ડુંગર પરથી વહેતા ખળખળ ઝરણાં પણ જોઈ શકાતા હતા. ફળો અને શાકભાજી પુષ્કળ થતાં જે વેચી તેની ઉપજમાંથી બગીચાનો ખર્ચ કરવામાં આવતો.

આ આરોગ્ય ભવન (સેનેટોરીયમ) બાબત મુ.શ્રી દેવજી દામજી ખોના નોંધે છે કે પ્રાયઃસમગ્ર મુંબઈમાં આ પ્રથમ આરોગ્ય ધામ હતું. આ સેનેટોરીયમનો ઉપયોગ જ્ઞાતિ બંધુઓ અવાર નવાર કરતા તથા વેકેશન દરમ્યાન બોર્ડિંગના છાત્રોને અહીંના નૈસર્ગિક વાતાવરણનો લાભ લેવા તેડી લાવતા.

લોકોમાં સ્નેહભાવ ખૂબ જ સારો. થોડો સમય હવાફેર માટે આવે અને ફરી કબ્જો મહાજનને સોંપી દે. ઈ.સ.૧૯૪૪માં ૧૪ એપ્રીલના ગોદી ધડાકામાં મસ્જીદ બંદર વિસ્તારમાં રહેતી આપણી જ્ઞાતિને ખૂબ જ સહન કરવાનો વખત આવ્યો. અનેક પરિવારો એમના ઘરો બળી ખાખ થઈ જતાં પહેરેલ કપડે નીકળવાનો વખત આવ્યો. આવા થોડા ઘરબાર વિનાના પરિવારોએ કામ ચલાઉ રીતે ભાંડુપ આરોગ્ય ધામમાં આસરો લીધો. પણ અન્યત્ર જગ્યા ન મળતાં અહીં કાયમ વસ્યા.

- ક્રમશઃ


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

કાર્યાલય : નરેન્દ્ર શામજી દંડ, ૧૬ શાંતિ ભુવન, ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦. ફોન : ૨૫૬૪ ૭૫૭૨ ઈ-મેલ : narendra_shah2006@yahoo.co.in

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા અને ઘ્રુફ્રીના જ્ઞાતિજનો અને નિયાણી બહેનો**

સાદર જય જીનેન્દ્ર

પર્યુષણ પર્વના પુનિત દિવસોમાં આપશ્રી રૂડો ધર્મલાભ લઈને પાવન પંથે અંકે કરીને રૂડી રીતે પર્વ ઉજવ્યા હશે. આપણા ગામ તેરામાં પણ પ.પૂ. સાધ્વીશ્રી વિરગુણાશ્રીજી તથા પ્રશિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજીની નિશ્રામાં પર્યુષણ પર્વ લગભગ ૧૬૫ જેવી સંખ્યામાં પર્વ રૂડી રીતે ઉજવાયો અને આજે પણ તેમની નિશ્રામાં ધર્મ પારાયણતા ચાલુ છે. આજ સુધીના સમય દરમિયાન આપણા પરસ્પરના ચારેય ગામવાસીઓ ના વ્યવહારમા અમારા પદાધિકારીઓ તરફથી કોઈપણ પ્રકારે આપનું દિલ દુભાવ્યું હોય તો બેઉ કર જોડી

## મિચ્છામિ દુક્કડમ્

ક્ષમાપના મૈત્રી દુત છે, ક્ષમા મંત્ર, અંતકરણ માં બસ રમતો રાખીએ જીરાવલ્લા દાદા અને શામળીયા દાદાના દર્શન થાય અવશ્ય ઘરઘરમાં નિહાળીશું જો આપણા અંતરપટમાં અને મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું રાખી આપણે બધા અંતઃપૂર્વક એક બીજાને ખમાવીએ. આપણા ચારેય ગામના વતની પરસ્પર સંપર્ક કેળવી ભાતૃભાવનાથી ગામના યુવાજનો સાથે ઉજ્વળ ભાવિ માટે રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન યોજી શકે અને એક બીજાના વિચારો નું આપલે કરી શકે તેવા શુભ હેતુ થી.....

**રવિવાર, તા. ૬/૧૨/૨૦૧૫ સામુહિક ક્ષમાપના - સ્નેહમિલન : રિસોર્ટ પીકનીકમાં સર્વેને પધારવા**

## નેહભર્યું નિમંત્રણ

**શુભ સ્થળ : સરગમ રિસોર્ટસ, વિલેજ નાગલે, ચિંચોટી, કામણ, ભિંવડી રોડ, ફોન : ૯૩૨૪૩૦૪૩૩૩**

શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ આયોજિત સામુહિક ક્ષમાપના સ્વામી વાત્સલ્ય અને સ્નેહ મિલનોત્સવમાં આપને સહપરિવાર આમંત્રણ આપતાં આનંદ સહ ગૌરવ અનુભવીએ છીએ. જેમાં નિમ્નદર્શિત કાર્યક્રમો શરૂ થશે તોં યુવાજનો સહ દરેક ભાઈ-બહેનોએ સમયસર મસ્જીદબંદર-મુલુંડ-ઘાટકોપર-ડોંબીવલી થી આયોજીત બસમાં કે યોજાતા વાહનમાં સમયસર પધારી ગામની શોભામાં અભિવૃધ્ધિ કરશોજી.

આપના નામ વહેલી તકે રૂા. ૨૦૦/- રૂપિયા બસો ભરી કાર્યાલયમાં કે કાર્યકર્તાઓ પાસે વહેલી તકે લખાવવા વિનંતિ.

**કામણ દર્શન • મીઠો આવકાર • રીસોર્ટની મોજ • તપસ્વીઓની અનુમોદના • સરસ્વતી સન્માન**
**સામુહિક ક્ષમાપના • સ્વામી વાત્સલ્ય • આભારવિધિ • ચા-કોફી • અલ્પાહાર અને સમાયન.**

આપણ ચારેય ગામનાં પરસ્પરનાં વાત્સલ્યમયી વહેવારને વહેતો રાખવાનો છે. શુભ હેતુ અમારો....

તા.ક.: તેરા માં વસંત પંચમી તા. ૧૨/૨/૨૦૧૬ વખતે યોજનાર ધ્વજા મહોત્સવના ચડાવાની બોલી આપણા સ્નેહમિલનમાં લેવામાં આવશે.

આમંત્રણ કર્તા : **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ વતી**

**શ્રી પ્રફુલ્લ ચીમનલાલ મોતા (પ્રમુખ) - 98194 50004**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી વિપુલ વિનોદ ધુલ્લા | (ઉપપ્રમુખ) | - 90041 93331 | શ્રીમતી કવિતાબેન હેમંત ધુલ્લા | (ઉપપ્રમુખ) | - 96193 12313 |
| શ્રી નીમેષ મણીકાંત મોતા | (માનદ્ મંત્રી) | - 99202 81414 | શ્રીમતી દક્ષા લાજેષ મોતા | (માનદ્ મંત્રી) | - 72084 08508 |
| શ્રી રાજેષ નારાણજી ખોના | (કોષાધ્યક્ષ) | - 84509 79894 | શ્રીમતી મોનીકા ગોવિંદજી મોતા | (કોષાધ્યક્ષ) | - 98920 26568 |
| શ્રી કમલેષ શીવજી શિયાળ | (સદસ્ય) | - 98697 74289 | શ્રીમતી મમતા મયુર ધરમશી | (સદસ્ય) | - 95943 38358 |



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### ઉપધાન વિધિ

**પ્રશ્ન - અચલગચ્છમાં મહાનિશીથમાં કહેલ ઉપધાન વિધિ તથા માળા રોપણ કેમ નથી માનતા ?**

ઉત્તર - પ્રથમ એક વાત સમજવા જેવી છે કે મહાનિશીથ સિવાય કોઈ પણ સૂત્ર, નિયુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા તથા ટીપ્પનક વગેરે આગમ ગ્રંથોમાં ક્યાં પણ ઉપધાનની વિધિ બતાવવામાં આવી નથી.

● ઉપાસક દશાંગ આગમમાં ભગવાન મહાવીરસ્વામીના આનંદાદિ દસ શ્રાવકોના જીવન ચરિત્ર છે. એમાં શ્રાવકના બારવ્રત, અગિયાર પ્રતિમા વહન તથા અંતિમ સંલેખનાની વાતો છે. પરંતુ ક્યાંય ઉપધાન કર્યાની વાત નથી. એમણે શા માટે ઉપધાન ન કર્યા ?

● મૂળ મહાનિશીથ ગ્રંથ ઉધઈ લાગવાથી નષ્ટપ્રાય: થઈ ગયો હતો અને તેથી તે ગ્રંથ ઘણા આચાર્યો સ્વીકારતા નથી તથા તેને પ્રમાણ કરી શકાય એમ નથી.

● આ ગ્રંથના કર્તા જ એ ગ્રંથમાંજ લખે છે કે ઈહાં જે વધઘટ લખાયું હોય તેનો દોષ શ્રુતધરોએ (મને) નહિ આપવો. (કારણ કે) એનો જે પૂર્વાદર્શ હતો તેમાંજ ક્યાંય શ્લોક... ક્યાંય અર્ધશ્લોક... ક્યાંય પદ કે અક્ષર.... ક્યાંય પંક્તિઓ... ક્યાંય પૂઠી... ક્યાંય બે-બે, ત્રણ-ત્રણ પાનાં ઈત્યાદિ ઘણો ગ્રંથ નાશ પામેલ હતો. એ રીતે વહેલા અધ્યયનના પર્યાતે લખ્યું છે.

● મહાનિશીથ ગ્રંથના ત્રીજા અધ્યયનમાં લખ્યું છે કે મહાનિશીથના પૂર્વાદર્શના ઉદેહીએ કટકા કટકા કર્યાથી ઘણા પાના સડી ગયાં હતાં.

● મહાનિશીથ ગ્રંથના ચોથા અધ્યયનના અંતે લખ્યું છે કે આ ચોથા અધ્યયનમાં ઘણા સૈધ્દાંતિક (સિધ્દાંત માનનારા પુરૂષો) કેટલાક આલાવા સમ્યક્ શ્રદ્ધતા નથી. માટે હરિભદ્રસૂરિ કહે છે કે તેથી મને તે બાબત સમ્યક્ શ્રદ્ધાન નથી.

● એ જ મહાનિશીથમાં ઉપધાનની જેમ બીજી પણ ઘણી અઘટિત વાતો છે તેથી પછીથી લખાયેલ આ ગ્રંથ પ્રમાણ માની શકાતો નથી.

● પછીથી લખાયેલા આ મહાનિશીથ ગ્રંથને તથા તેમાં જણાવેલ ઉપધાન વિધિને માનીએ તો ઘણા આચાર્યો, ઘણા સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાઓને અનંત સંસારીપણું પ્રાપ્ત થાય છે. કારણ કે હાલમાં વિધમાન મહાનિશીથમાં ઉપધાન કહ્યા પછી આ પ્રમાણે કહ્યું છે-

હે ભગવન ! આવી મોટિ નિયંત્રણ બાળજનો શી રીતે કરી શકે ? એના ઉત્તરમાં ભગવાન કહે છે કે - હે ગૌતમ ! જે કોઈ એ નિયંત્રણ નહિં ઈચ્છતાં વગર ઉપધાને નવકારમંત્ર ભણે, ભણાવે કે ભણતાને અનુમત કરે, તે પ્રિયધર્મા દ્રઢધર્મા ન હોય અને તેણે સૂત્રાર્થ અને ગુરૂની હીલના કરી તથા સર્વ અરિહંત અને આચાર્ય ઉપાધ્યાય, સાધુ અને જ્ઞાનની પણ આશાતના કરી, જેથી તે અનંત સંસારી થઈ અનેક દુ:ખ પામશે.

વળી ગૌતમસ્વામીએ પૂછયું - હે ભગવન્ ! ઉપધાન વહતાં તો બહુ વખત વીતે તેટલામાં કદાચ મરણ પામે તો નવકાર વિના શી રીતે ઉત્તમાર્થ સાધી શકે ?

આના ઉત્તરમાં ભગવાને કહ્યું કે - હે ગૌતમ ! જે સમયે તેણે ઉપધાનના માટે કંઈ પણ તપ માંડયું કે તે સમયે જ તે સૂત્રાર્થ ભણ્યા સમજવા. માટે એ નવકાર મંત્રને અવિધિએ ગ્રહણ કરવું નહિ, કિંતુ એવી રીતે ગ્રહણ કરવું કે જેથી ભવાંતરમાં પણ નાશ નહિ પામે.

હવે પ્રશ્ન એમ આવે છે કે નવકાર ભણનાર-ભણાવનાર અને એની અનુમોદના કરનાર અનંત સંસારી થઈ ગયા. પછી ઉપધાનથી ફાયદો શું ?


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મોતા પરિવારના બંધુ શ્રી કમલેશભાઈ મોતાને નાટયક્ષેત્રે ઝવલંત કારકીર્દીસહ આયુષ્યના ૫૦મા પડાવે અભિનંદનસહ હાર્દિક શુભેચ્છાઓ...




તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental MADHUBAN - JHARKHAND

હવે આપણે ઉપધાનવિધિ વગર નવકારથી કલ્યાણ સાધનારા જીવોના દાખલા વિચારીએ-

- ભક્તપરિજ્ઞામાં કહ્યું છે કે ગોવાળ અજ્ઞાની છતાં અને મિઠક્લિષ્ટકર્મી છતાં નવકારથી સુખી થયાં. એમણે ઉપધાન કર્યુ હતું ?
- આવશ્યકમાં ત્રિદંડી નવકારથી આલોકમાં સુખી થયો વિગેરે વૃત્તાત છે. એમણે ઉપધાન કર્યુ હતું ?
- પ્રહાર વિધુર યુગબાહુને મદનરેખાએ નવકાર આપ્યાથી તે પાંચમા દેવલોકમાં ગયો. યુગબાહુએ ઉપધાન કર્યુ હતું ?
- જંબૂસ્વામિના પિતા ઋષભદત્તે પોતાના લઘુભાઈ જિનદાસને નવકાર વિગેરે ક્રિયાઓ કરાવ્યાથી તે જંબદ્વીપનો અધિપતિ અણાઢિઓ નામે દેવતા થયો છે. આ જિનદાસે ઉપધાન કર્યુ હતુ ?
- તિર્યચોમાં પણ કેટલાએકને મહર્ષિઓએ અને કેટલાએકને શ્રાવકોએ પર્યતક્રિયા કરાવતાં તથા કેટલાકે જાતિસ્મરણના યોગે પોતે પર્યતક્રિયા કરતાં નમસ્કારના પ્રભાવે દેવપણું તથા બોધિબીજ મળ્યા છે.

**દાખલા તરીકે -**

● પાર્શ્વનાથ જીવ હાથી.. ● મુનિસુવ્રતસ્વામિ પ્રતિબોધિત અશ્વ.... ● સોદાસનો જીવ ગેંડો..... ● સહદેવીનો જીવ વાઘણ.... ● વૈતરણીનો જીવ વાનર.... ● ભદ્રક મહિષ.... ● કંબળ-સંબળ નામે બળદ... ● શ્રેષ્ઠિ પુત્રનો જીવ મત્સ્ય... ● નંદમણિયારનો જીવ દેડકો.... ● ક્ષુલકનો જીવ શુક.... ● બીજા ક્ષુલકનો જીવ પાડો... ● ચંડકૌશિક સર્પ... ● ભરૂચની શકુનિકા.... ● સેડુકનો જીવ દેડકો... ● ત્રિવિક્રમ ભટ્ટનો બોકડો... ● કમઠની પંચાગ્નિમાં બળતો સર્પ... ● કૂરગડુકના પૂર્વ ભવે તેનો જીવ દ્દષ્ટિવિષ સર્પ... ● પ્રદ્યુમ્નની માતાનો જીવ કૂતરી... ● ચારૂદત્તે આરાધના કરાવેલ બોકડો... ● સિંહસેન રાજાનો જીવ હાથી....

આવા એનક દ્દષ્ટાતો શાસ્ત્રોમાંથી મળી શકે છે. જેમને તિર્યચ ગતિમાં ઉપધાન વિના પણ આરાધક પણું પ્રાપ્ત થયું છે.

(ક્રમશઃ)


જ્યોતિ — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**
**દિવાળી સુધી રવિવારે પણ ચાલુ...**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574



|| મુલુંડ તીર્થ મંડન શ્રી વાસુપૂજય સ્વામી - શ્રી સુમતિનાથ - શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ ||

|| નમો નમઃ ગુરુ શ્રી ગૌતમ-સુધર્મા-આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||

**શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**

**શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈ**

ના સંયુકત ઉપક્રમે તથા

shantijin — પ્રસન્નતા...સર્વદા

SILVER JUBILEE 25 1991 - 2015

**શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ**

ના સહયોગે

**૭૪મું જ્ઞાનસત્ર**

પ. પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૬ આ વર્ષે શ્રી મુલુંડ મૂ.પૂ. જૈન સંઘ, શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ (શ્રી વાસુપૂજય જૈન દેરાસર) ઝવેર રોડ ઉપાશ્રયે ચાતુર્માસ હોઈ શ્રી સંઘ તથા શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (મુંબઈ) ના ઉપક્રમે પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ **જૈન ધાર્મિક જ્ઞાન શિબિર (૭૪ મી) યોજાશે.** જેમાં વય ૧૨ થી ૨૫ સુધી ના બાળકો યુવાનો જોડાઈ શકે છે. દરેક ઉપાશ્રયે પ્રવેશ ફોર્મ મોકલાયેલ છે. તો મેળવી ફોર્મ ભરી મોકલી આપવા વિનંતી.

**શિબિર માટે ગુરૂવાર, તા. ૧૨ નવેમ્બર ૨૦૧૫ બપોર ૩ વાગે આવી જવાનું રહેશે અને પૂર્ણાહૂતિ બુધવાર, તા. ૧૮ નવેમ્બરના ૨૦૧૫ બપોરે થશે.**

**પ્રવેશ ફોર્મ**

(વિદ્યાર્થી : વય ૧૨ થી ૨૫)

સ્થળ : શ્રી વાસુપૂજ્યદાદા જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦.

પુરૂ નામ : ..................................................

સરનામું : ..................................................

..................................................

..................................................

ગામ : ..................................................

ફોન : ..................................................

મોબાઈલ : ..................................................

વ્યવહારિક અભ્યાસ : ..................................................

ધાર્મિક અભ્યાસ : ..................................................

વિશેષ શોખ : ..................................................

પૂર્વે શિબિરોમાં જોડાયા હતા? : ..................................................

**: વિશેષ માહિતી માટે સંપર્ક :**

**હરીશ શિયાલ - ૯૭૦૨૮ ૫૪૮૫૪, રામજીભાઈ ધરોડ - ૯૩૨૩૧૯૧૦૫૦**

**: સંપર્ક સૂત્રો :**

ગોવિંદજી પટેલ..૯૮૨૦૫ ૪૦૯૪૯ તેજપાલ ધરમશી....૯૮૭૦૦૭૦૦૨૭

કિરણ દંડ.........૯૮૩૩૮૦૮૨૪૪

**લી. કન્વીનર : દેવેન્દ્ર ગાલા તથા ભરત મૈશેરી**

BINITA SATISH MARU : 98690 34162

## આરોગ્ય પ્રકાશ : દોડવું અને બીજી કસરતો – ભાગ ૪

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 9757303562 / 7069621931

**રમતગમત :** બેટમીન્ટન, ક્રિકેટ, ફૂટબૉલ, વૉલીબૉલ, ખો-ખો, હુતુતુ જેવી કોઈપણ મેદાનમાં રમવા જેવી રમતમાં શરીરના બધા અવયવોને કસરત મળે છે. ખુલ્લી હવામાં (દોડવાથી ઑક્સિજનનું પ્રમાણ લોહીમાં વધે છે. શરીરમાં વધે છે. આનંદ મળે છે અને માનસિક તાણ દૂર થાય છે. ટેબલ ટેનીસ જેવી રૂમમાં રમાતી રમતથી પણ શરીરને કસરત મળે છે.ચૅસ, પત્તા, કેરમ, લ્યુડો જેવી રમતથી મગજની કસરત સાથે આનંદ મળે છે, મનની તાણ દૂર થાય છે. મોબાઈલ, કૉમ્પ્યુટર જેવી મશીનની રમતથી ફાયદો થોડો જ. શારીરિક વ્યાયામનો ફાયદો તો નથી જ સાથે નુકશાન ઘણા છે. નાના બાળકો થોડી પળો માટે રમે તેટલું ઠીક છે પણ મોટાઓએ તો એ ટાળવું જોઈએ.

બાળકોને સ્કેટીંગ, પુલઅપ્સ અને પુસઅપ્સ, દોરડા કુદવા, સાયક્લીંગમાં મજા પણ આવશે અને સાથે શારીરિક કસરત મળશે. આ શારીરિક વ્યાયામ સાથે ઠંડા પીણા અને જંક ફૂડથી એમને દૂર રાખીશું તો સ્ટેમીના જળવાશે અને તેઓ જલ્દી થાકશે નહિં. બાળકોને ફક્ત એમાં ધકેલવા કરતાં આપણે પણ એમાં રસ લેવો જોઈએ. ઈલેક્ટ્રોનિક્સ રમકડા, મોબાઈલ, વીડીઓ ગેમ્સ. ટી.વી.થી બને તેટલા દૂર રાખી શારીરિક પ્રવૃત્તિઓમાં પરોવીએ અને એમને તેમાં ઓતપ્રોત કરવા આખા ફેમીલીએ મળીને કોઈને કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ.

ઑન ધ સ્પોટ રનીંગ (એક જ જગ્યાએ ઊભા રહી દોડવું), ઊંડા શ્વાસ લેવા.પ્રેશર પોઈન્ટ દબાવવા, આંગળા, કાંડા, ખભા ડોક, પેટના સ્નાયુની કસરત જેવું ઘણું ટી.વી.જોતાં કે મોબાઈલ પર વાત કરતાં, બસની લાઈનમાં, નવરાશની પળોમાં કેટલીક કસરતો કરી શકીએ જેથી સમયનો સદઉપયોગ થાય તેમજ સમયના અભાવના બહાને કસરત છૂટી ન જાય. એક જ જગ્યાએ ઊભા રહીને કે બેસીને મોબાઈલ પર વાત કરવા કરતાં ચાલતાં ચાલતાં વાત કરીએ. સવાલ તંદુરસ્તીનો છે, ફીટ રહેવાનો છે.

આ બધી આપણે એરોબીક કે ડાયનામિક કસરતની વાત કરી. કસરતનો બીજો પ્રકાર છે આઈસોમેટ્રીક અથવા વેઈટ લીફ્ટીંગ જેવી કસરતો. આ કસરતો સ્નાયુઓને મજબૂત બનાવે પરંતુ હૃદય, ફેફસાની ક્ષમતા વધારવામાં ખાસ મદદ ન કરી શકે એથી એરોબીક કસરતો જેટલો ફાયદો આ કસરતમાં મળતો નથી. જેઓને પોતાના સ્નાયુ ગઠ્ઠાદાર બનાવવા હોય કે વેઈટલીફ્ટીંગમાં આગળ નામ કમાવવું હોય કે પ્રોફેશનલ બનવું હોય તો બરાબર છે પણ આરોગ્ય જાળવવા. ફીટ રહેવા માટે બહુ ઉપયોગી નથી.

કોઈપણ કસરતમાં અતિરેક ન થવો જોઈએ. નહીંતો ફાયદાને બદલે નુકશાન થાય. જીમમાં સાંજના સમયે કે અમુક સમયે જ્યારે કસરત કરનાર વધુ હોય ત્યારે જીમના હૉલમાં કસરત કરનારના શ્વાસોશ્વાસમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધુ હોય છે તે તો નુકશાન કરે જ છે પણ ત્યાં કસરતમાં પણ ઘણીવાર અતિરેક થઈ જાય છે અને તે કસરત કરનારને નુકશાન થાય છે. હાઈકીક્સ કે રોપ પુલ્સમાં ક્યારેક અતિરેક થાય તો સાંધાઓની કોમ્પ્રેશન ફ્રેક્ચર થઈ જાય છે અને બે ત્રણ મહીનાનો ખાટલો થાય અને કદાચ ભવિષ્યમાં પણ એની થોડી ઘણી તકલીફ રહી શકે. દોડવામાં પણ અતિ દોડવાથી કે મેરેથોનમાં વધુવાર ભાગ લેવાથી હૃદયની ટીસ્યુને નુકશાન થાય છે. હૃદયની ગતિ અનિયમિત થાય છે. અતિ દોડનારનું આયુષ્ય ટુંકું હોય છે. માટે જ દરેક ચીજની જેમ કસરત પણ પ્રમાણસર અને પોતાની પ્રકૃતિ-તબિયત અનુસાર કરવી જોઈએ.

કસરત કેટલા જોરથી (વીગરસલી) કરીએ છીએ તેના કરતાં કેટલો સમય કરીએ છીએ તે મહત્ત્વનું છે. વચ્ચે વચ્ચે ખાડા કરીએ તેના કરતાં રોંજીદી કસરત કરીએ તો શરીર ફીટ રહે. ફાયદો વધુ રહે.

વ્યાયામ પૂરો કરતાં પહેલાં કુલીંગ ડાઉન કરવાનું બહુ જરૂરી છે તેનાં ધીમી ચાલે ચાલવાનું રાખવું. કસરત બંદ થતાં શરીરની ઑક્સિજન, લોહી વગેરેની જરૂરિયાત ઘટે છે તેની સાથે શરીરને અનુકુળ થવા દયો. તેનાથી આપણું શરીર ધીરે ધીરે હળવું થાય છે. કુલિંગ ડાઉન કર્યા સિવાય તરત સુઈ કે બેસી જ જઈએ કે ઊભા રહી. નિષ્ક્રિય ન બનીએ. થોડી મિનિટ માટે જાજુબાજુ હળવેથી ચાલવાનું રાખીએ. અચાનક કસરત બંદ કરવાથી, હૃદયના ધબકારા ધીમા પડે, રક્તપ્રવાહ વધુ ઝડપથી ધીમો પડે તે હૃદય માટે નુકસાન કારક છે.

કસરતથી શરીરની ચયાપચય (મેટાબોલીઝમ) ની ક્રિયા ઉપર સીધી અસર થાય છે. જે લોકોને સ્નાયુનું પ્રમાણ વધારે હોય તેમનો ચયાપચયની ક્રિયાનો પાયાનો દર ઊંચો રહે છે. કસરતથી આખા દિવસ દરમ્યાન વધારે કેલેરી વપરાતી રહે છે. આહાર અને કસરતના યોગ્ય સંયોજનથી શરીરની ચરબી અને વજન ઘટાડવાની અસરકારકતા વધે છે. કસરત વધુ પડતી થઈ જાય અથવા અનુકુળ ન આવે ત્યારે શરીર આપણને ચેતવણી આપે છે. આવી ચેતાવણીને અવગણવી ન જોઈએ. સાંધા અને સ્નાયુના દર્દ થાય તો ઉપાય કરો. અસામાન્ય ચિહ્નો, બેચેની, છાતીમાં દુ:ખાવો, ચક્કર આવવા જેવું જણાય તો ડૉક્ટરની સલાહ લ્યો. દરેકની કસરત કરવાની શક્તિમાં ફરક હોય છે. બીજા સાથે હરીફાઈમાં ન ઉતરો.

બાગકામ કરવું, મિત્ર સમૂહમાં ફરવું, કુટુંબ સાથે ફરવા નીકળવું, સામાજીક મુલાકતે જવું, ઘરના નાનામોટા કામ જાતે કરી લેવાની ટેવ પાડીએ એમાં પણ શરીરને એક પ્રકારની કસરત મળે છે. કસરતમાં જીવનભરની વચન બધ્ધતા અને પ્રયત્નોની જરૂર હોય છે. આહારની ટેવો તેમજ કસરત પણ જીંદગીભર સ્વીકારવાની જરૂર છે. શરીરની તંદુરસ્તીનો સંગ્રહ થઈ શક્તો નથી. તે સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેને સતત બળ મળતું રહેવું જોઈએ. આમ રોજ કસરત કરી તેના ફાયદા મેળવીએ અને તંદુરસ્ત



# ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ

ઘાટકોપર અનંત છાયાની ધન્યધરા શ્રી અનંતનાથ દાદાની અસીમ અનરાધારા કલ્પવૃક્ષની જેમ વરસાતી કૃપા બળે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની. દિવ્યકૃપા, શ્રી અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના મંગળ શુભાશિર્વાદ, સાહિત્ય સમ્રાટ સંઘવત્સલ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞા આશિષે અને પ.પૂ.યતિવર્ય શ્રી મોતિસાગરક્ષમાનંદજી મ.સા.ના માર્ગદર્શનથી છેલ્લા પાંચ વર્ષથી ગુરૂભગવંતોની નિશ્રામાં અનંત છાયાના પરિસરમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી થઈ રહી છે. આ વર્ષે આરાધનાનો અણમોલ ખજાનો લઈ પધારેલા પર્વાધિરાજ પર્યુષણની આરાધના શ્રા.વ. ૧૩ થી અચલગચ્છાધિપતિ શ્રી વર્ષીતપ સમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની આપણા સંઘ પર સદાય અમી દ્રષ્ટિ વરસાવનારા માતૃહૃદયા પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા પ.પૂ.મોક્ષદર્શનાશ્રીજી મ.સા. કે જેઓ જગડુશા નગરમાં ચાર્તુમાસ સાથે બિરાજમાન છે તેમને વિનંતી કરતા તેમના શિષ્યા પ.પૂ. પ્રીતિસુધાશ્રીજી મ.સા. ને પર્યુષણ પર્વની આરાધના કરવા માટે અનુજ્ઞા આપી. આ સમાચાર મળતાજ સકળ સંઘમાં આનંદને ઉત્સાહ વ્યાપી ગયો.

શ્રી સંઘ તરફથી પર્યુષણની આરાધના માટે ધનજી દેવશી રાષ્ટ્રિય શાળામાં ગોઠવણ કરવામાં આવી. પર્વની ઉજવણીના દરેક આયોજનમાં વેગ આપવા સૌનો સુંદર સાથ સહકાર મળવાથી કાર્ય સફળતાને પામ્યું. રાષ્ટ્રિય શાળામાં ૯ દિવસ માટે એક રૂમમાં શ્રી શાંતિનાથ દાદાને પધારવી નાનું જિનાલય રચવામાં આવ્યું હતું. જેમાં જિનવાણી શ્રવણ માટે આવનાર આરાધકોને પ્રભુ દર્શન-પૂજા સુગમ થઈ ગયા. પૂજ્યશ્રીએ સુંદર અને સરલ શૈલીમાં સૌને જીનવાણીનું અમૃત પીરસ્યું. પ્રથમ બે દિવસ ૫ કર્તવ્યના વ્યાખ્યાન દરમ્યાન ચૈત્ય પરિપાટી કર્તવ્યના અવસરે પૂજ્યશ્રીએ અનંતછાયાના નૂતન જિનાલય માટે જોરદાર પ્રેરણા કરી. તે ઝીલીને સૌએ દાદાની પ્રતિષ્ઠા જલ્દીમાં જલ્દી કરાવવા માટેના સંકલ્પો લીધા. દરદોજ પ્રવચનમાં સંખ્યા પણ સારી રહી હતી. પર્વની વિવિધ ઉછામણીમાં પણ સૌનો ઉત્સાહ સારો હતો. ભાદરવા વદ અમાસના પોથી પધરાવવાનો લાભ અ.સૌ. હિનાબેન મધુકાંન્ત હીરજી લોડાયા પરિવાર ગામ સુથરીતિર્થવાળાએ લીધેલ હતો. સકળ સંઘના સથવારે વાજતે ગાજતે બેન્ડ સાથે ખૂબજ સારી સંખ્યામાં ભવ્યાતિભવ્ય શોભા યાત્રા નીકળી હતી. રાત્રીના પોથી નિમિત્તે જિન શાસનની પરંપરા મુજબ જ ભક્તિ રૂપ જાગરણ અનંતછાયા મહિલા દ્વારા કરવામાં આવેલ.





એકમના દિવસે પોથી પધારવાનો લાભ લીધેલ પરિવારના ઘરેથી વરઘોડો વાજતે-ગાજતે સારી સંખ્યામાં નીકળ્યો, અને ધનજી દેવશી રાષ્ટ્રિયશાળામાં પહોંચ્યો. ત્યાં સાહેબજીને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવાર ગામ સાંધવવાળાએ લીધેલ હતો.

બીજના દિવસે આસન્નોપકારી શ્રી મહાવીર પ્રભુના જન્મવાંચન દિવસે ૧૪ સ્વપ્નધૃતની ઉછામણી પ્રસંગે શ્રી મનોજભાઈ કારાણી અને સાથી કલાકારોએ ખૂબજ સુંદર રંગત જમાવી હતી. આ અનોખા કાર્યક્રમથી રંગમંડપ ગાજી ઉઠ્યો હતો.









**ગુરૂ પૂજન :** માતુશ્રી કાંન્તાબાઈ ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવારે લીધેલ હતો.

**મોક્ષની બારી ખોલવાનો લાભ :** માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે લીધેલ હતો.

**(૧) સ્વપ્ન જુલાવવાનું**



**માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર**

**(૧) સ્વપ્ન પાઠ પાસે પધરાવાનું**



**સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર**

**(૨) સ્વપ્ન જુલાવવાનું**



**શેઠશ્રી લક્ષ્મીચંદ ત્રીકમજી સોની પરિવાર**

**(૨) સ્વપ્ન પાઠ પાસે પધરાવાનું**



**માતુશ્રી માંકબાઈ લક્ષ્મીચંદ સોની પરિવાર**

**(૩) સ્વપ્ન જુલાવવાનું**



**સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર**

**(૩) સ્વપ્ન પધરાવવાનું**



**માતુશ્રી જવેરબાઈ ધનજી ધરમશી પરિવાર (ડીલક્ષ પરિવાર)**

**(૪) સ્વપ્ન જુલાવવાનું**



**માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર**

**(૪) સ્વપ્ન પધરાવવાનું**



**માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર**

**(૫) સ્વપ્ન જુલાવવાનું**



**માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર**

**(૫) સ્વપ્ન પધરાવવાનું**



**શેઠશ્રી ખેતશી પદમશી મોતા પરિવાર**

**(૬) સ્વપ્ન જુલાવવાનું**



**માતુશ્રી કાશ્મીરાબેન અનીલ શિયાળ પરિવાર**

**(૬) સ્વપ્ન પધરાવવાનું**



**શ્રી નારી દ્રષ્ટી કીટી ગ્રુપ ઘાટકોપર**

**(૭) સ્વપ્ન જુલાવવાનું**



**શેઠશ્રી ખેતશી પદમશી મોતા પરિવાર**

**(૭) સ્વપ્ન પધરાવવાનું**



**શેઠશ્રી ખેતશી પદમશી મોતા પરિવાર**

**(૮) સ્વપ્ન જુલાવવાનું**



**માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર**

**(૮) સ્વપ્ન પધરાવવાનું**



**માતુશ્રી રાજબાઈ રતનશી મૈશેરી પરિવાર**

**(૯) સ્વપ્ન જુલાવવાનું**



માતુશ્રી રાજબાઈ રતનશી
મૈશેરી પરિવાર

**(૯) સ્વપ્ન પાઠ પાસે પધરાવાનું**



માતુશ્રી સોનબાઈ મેઘજી
ગોશર પરિવાર

**(૧૦) સ્વપ્ન જુલાવવાનું**



માતુશ્રી ચંદનબેન દેવશી
લોડાયા પરિવાર

**(૧૦) સ્વપ્ન પાઠ પાસે પધરાવાનું**



માતુશ્રી મણીબાઈ ઉમરશી
લોડાયા પરિવાર

**(૧૧) સ્વપ્ન જુલાવવાનું**



માતુશ્રી મંજુલાબેન દામજી
મૈશેરી પરિવાર

**(૧૧) સ્વપ્ન પધરાવવાનું**



સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ
નાગડા પરિવાર

**(૧૨) સ્વપ્ન જુલાવવાનું**



શેઠશ્રી સંજય રતિલાલ
લોડાયા (અજાણી) પરિવાર

**(૧૨) સ્વપ્ન પધરાવવાનું**



શેઠશ્રી સંજય રતિલાલ
લોડાયા (અજાણી) પરિવાર

**(૧૩) સ્વપ્ન જુલાવવાનું**



માતુશ્રી કસ્તુરીબેન પદમશી
દંડ પરિવાર

**(૧૩) સ્વપ્ન પધરાવવાનું**



શેઠશ્રી ખેતશી પદમશી
મોતા પરિવાર

**(૧૪) સ્વપ્ન જુલાવવાનું**



માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર
ખોના પરિવાર

**(૧૪) સ્વપ્ન પધરાવવાનું**



શ્રી અનંત સમર્પણ ટ્રસ્ટ
ઘાટકોપર

**પારણું જુલાવવાનું**



માતુશ્રી મંજુલાબેન દામજી
મૈશેરી પરિવાર

**પારણું પધરાવવાનું**



માતુશ્રી તારામતીબેન લહેરચંદ
નાગડા પરિવાર

**પારણાનું શોભાયાત્રા**



માતુશ્રી તારામતીબેન લહેરચંદ
નાગડા પરિવાર

**તપસ્વીઓનું બહુમાન**



માતુશ્રી તારામતીબેન લહેરચંદ
નાગડા પરિવાર

બીજના સ્વપ્ન દિવસે શ્રી સંઘ તરફથી સાધાર્મિક ભકિત પણ રાખવામાં આવેલ હતી. ભાદરવા સુદ ૩ ના દિવસે ધનજી દેવશી રાષ્ટ્રિયશાળાથી સવારના વ્યાખ્યાન બાદ પૂજ્ય શ્રી ગુરૂભગવંતની સાથે અને ઢોલ શરણાઈની સરગમ વચ્ચે બહોળી સંખ્યામાં પારણાનો ભવ્ય વરઘોડો નીકળેલ. રાત્રી જાગરણ એમના નિવાસ સ્થાને પરમાત્માની ભકિત સાથે રાખવામાં આવેલ હતો.

તપના ક્ષેત્રે શ્રી. ક.દ.ઓ. જી.વી.સી. સંઘના ભડવીર તપસ્વી દંપતી શ્રીમાન કિરીટભાઈ કુંવરજી કુરૂવા - ૪૧ ઉપવાસ અને તેમના ધર્મપત્ની શ્રીમતી લતાબેન કિરીટ કુરૂવા - ૬૭ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરી, બંન્ને દંપતીએ મળીને ૧૦૮ ઉપવાસની સુંદર તપસ્યા કરીને શ્રી. ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘનું ગૌરવ વધાર્યું છે. અને તેમની સાથે બીજા તપસ્વીઓમાં ૩ જણ ૧૬ ઉપવાસ, ૧ જણ ૯ ઉપવાસ, ૧૬ જણ ૮ ઉપવાસ, ૩ જણ - ધર્મચક્ર તપ, ૨ જણ - કંઠાભર્ણ તપ વગેરે તપસ્વીઓ હતા. ચોથના દિવસે તપસ્યા કરનાર તપસ્વીઓનું બહુમાનનો લાભ માતુશ્રી તારામતીબેન લહેરચંદ નાગડા નલીયા તિર્થ પરિવારે લીધેલ હતો.

પાંચમના દિવસે પ.પૂ. સાહેબજીને બારસા સુત્ર વહોરાવવાનો લાભ : શેઠશ્રી ચાંપશી માણેકજી સાંઘવ પરિવાર તથા પાના દર્શનનો લાભ શ્રી ગુરૂભક્ત પરિવારે લીધેલ હતો. શ્રી બારસાસુત્રના વાંચન બાદ ચૈત્યપરિપાટી રૂપે પૂજ્યશ્રી સાથે શ્રી સકળ સંઘ જગડુશા નગરે ગયેલ. ચૈત્ય પરિપાટીના સંઘપતિનો લાભ માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર - નલીયા તીર્થવાળા લીધેલ હતો. ઉદાર દિલ દાતાઓના સહયોગથી શ્રી પર્યુષણની આરાધનાને ચાર ચાંદ લાગી ગયા. ભાદરવા સુદ છઠ્ઠના દિવસે શ્રી અનંતનાથ જિનાલયના દ્વાર ઉદ્દ્ઘાટનનો લાભ શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવારે લીધેલ હતો. ત્યારબાદ તપસ્વીઓના પારણા સામુહિક ક્ષમાપના અને સકળ સંઘની નવકારશીનો લાભ અ. સૌ. લતાબેન કિરીટ કુરૂવા પરિવાર એમની મોટી તપસ્યા નિમિત્તે સંઘે આ પરિવારને લાભ આપ્યો. ખરેખર શ્રી. ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘ સર્વેનું ખરા હૃદયપૂર્વક આભાર માને છે તથા અનુમોદના કરે છે. ઉદાર દિલ દાતાઓ જેમણે પોતાની સંપત્તિનો સદ્માર્ગે ઉપયોગ કરી પુણ્યનું ખાતુ ખોલાવી અને બાંધ્યું છે પર ભવનું ભાથું...








અમારા સંઘની બીજી ચૈત્યપરીપાટી શ્રી વર્ષીતપ સમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના ૮૪ માં જન્મદિવસ નિમિત્તે શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના નેજા હેઠળ ૮૪ જણ પાલીતાણા તીર્થે ગયા હતા. આ ચૈત્ય પરિવારીના દાતા સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર - નલીયા તીર્થ તથા શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવાર - સાંઘવવાળાએ લાભ લીધેલ હતો.અમારા સંઘની ત્રીજી લોકલ ચૈત્ય પરિપાટી આપણા ઉપકારી ગુણભગવંતોની વંદના અર્થે ૨ બસ દ્વારા ગયેલ હતા. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘને ૧૦ વર્ષ પૂર્ણ થતાં ડીસેમ્બર મહિનામાં તા. ૧૧-૧૨-૨૦૧૫ થી તા. ૧૪-૧૨-૨૦૧૫ સુધી નાગેશ્વર તીર્થ જવાના છીએ.

## પર્યુષણ પર્વના લાભાર્થી પરિવારો

- **યુરેનીયમ દાતા**

**માતુશ્રી કાંન્તાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) પરિવાર-કોઠારા**
**શેઠશ્રી નરશીભાઈ જેઠાભાઈ દંડ પરિવાર-વરાડીયા-મલાકાપુર**
**શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવાર-સાંઘવ**

- **પ્લેટીનીયમ દાતા**

**માતુશ્રી નવલબેન વિરચંદ મોમાયા પરિવાર-સાંયરા**

- **ગોલ્ડન દાતા**

**શેઠશ્રી હિંમતભાઈ વિશનજી ખોના પરિવાર-મોટી ખાવડી**
**શેઠશ્રી સંજયભાઈ રતીલાલ લોડાયા (અજાણી) પરિવાર-કોઠારા**
**શેઠશ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા પરિવાર-રવા**
**માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર-નલીયા**
**માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર-નાની સિંધોડી**
**માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર-કોઠારા**
**માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર-નલીયા**
**માતુશ્રી રાજબાઈ રતનશી મૈશેરી પરિવાર-નલીયા**

- **સીલ્વર દાતા**

**માતુશ્રી લક્ષ્મીબાઈ ચાંપશી વેરશી છેડા પરિવાર-નલીયા**
**માતુશ્રી માનબાઈ ઉમરશી કાનજી ભેદા પરિવાર-વારાપધ્ધર**
**માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી શિયાડ પરિવાર-જખૌ**
**માતુશ્રી પ્રેમીલાબેન ઠાકરશી મેઘજી ગોશર પરિવાર-બાયઠ**
**માતુશ્રી નવલબેન વિરચંદભાઈ મોમાયા પરિવાર-સાંયરા**
**માતુશ્રી કસ્તુરીબાઈ રામજી લાલજી ખોના પરિવાર-નલીયા**
**શેઠશ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા પરિવાર-નલીયા**
**શેઠશ્રી ટોકરશી આણંદજી લાલકા પરિવાર-લાલા**
**શેઠશ્રી મધુકાંન્ત પદમશી ખોના પરિવાર-જખૌ**
**માતુશ્રી જયાબેન વિશનજી જૈતશી દંડ પરિવાર-ભરૂડીયા**
**માતુશ્રી વિમલાબેન માણેકજી દંડ પરિવાર-બાયઠ**
**શેઠશ્રી ખેતશી પદમશી મોતા પરિવાર-નલીયા**
**માતુશ્રી પૂરબાઈ લક્ષ્મીચંદ દંડ પરિવાર-લાલા, હ. ડૉ. ખુશાલભાઈ**
**માતુશ્રી માકબાઈ લક્ષ્મીચંદ સોની પરિવાર-વાંકુ**
**શેઠશ્રી શીવજીભાઈ ડુંગરશી મૈશેરી પરિવાર-જખૌ**
**માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા પરિવાર-જખૌ**

● **સીલ્વર દાતા**

માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર-જખૌ
માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર-મોટી ખાવડી
માતુશ્રી મણીબાઈ ઉમરશી લોડાયા પરિવાર-નલીયા
માતુશ્રી ધનલક્ષ્મીબેન રાયચંદ લોડાયા પરિવાર-આરીખાણા

● **બ્રાઉન્સ દાતા**

માતુશ્રી પ્રેમાબાઈ રતનશી ધરમશી પરિવાર-પરજાઉ
માતુરી કસ્તુરીબાઈ કિશોર શામજી છેડા પરિવાર-નલીયા
શેઠશ્રી જવેરચંદભાઈ કાંન્તીલાલ નાગડા પરિવાર-જખૌ
માતુશ્રી જમકુબાઈ જવેરચંદ નાગડા પરિવાર-પરજાઉ
શેઠશ્રી જવેરચંદ ડુંગરશી લાલકા પરિવાર-વારાપધ્ધર
શેઠશ્રી મણીકાંન્તભાઈ ડુંગરશી મૈશેરી પરિવાર-જખૌ
માતુશ્રી નિર્મલાબેન રતીલાલ આણંદજી નાગડા પરિવાર-બાયઠ
માતુશ્રી હિરાબાઈ ગુલાબચંદ મોમાયા-વરાડીયા
માતુશ્રી ધનબાઈ શામજી ખોના પરિવાર-સાંયરા, ઘાટકોપર
માતુશ્રી કસ્તુરીબાઈ જીવરાજ હીરજી ધરમશી પરિવાર-સુથરી
શેઠશ્રી લહેરચંદ શીવજી નાગડા પરિવાર-નલીયા
કલાસીક કેટરર્સ - રાજનભાઈ લહેરચંદ લોડાયા-સાંયરા,
મુકેશભાઈ લક્ષ્મીચંદ દંડ-લાલા
માતુશ્રી સરલાબેન જયચંદ લોડાયા પરિવાર-નલીયા
માતુશ્રી ચંદનબેન દેવશી રતનશી લોડાયા પરિવાર-વરાડીયા
અ.સૌ. મીતાબેન મહેશ લોડાયા પરિવાર-કોઠારા
શેઠશ્રી લખમશી ચત્રભુજ સાયલા પરિવાર-તેરા
શેઠશ્રી નરેન્દ્રભાઈ માણેકજી મોતા પરિવાર-નલીયા
શેઠશ્રી સ્વિ સતીષ વિકમશી પરિવાર-સુથરી
શેઠશ્રી કુંવરજીભાઈ મુલજી મોતા પરિવાર-તેરા
અ.સૌ. હિનાબેન મધુકાન્ત લોડાયા પરિવાર-સુથરી
માતુશ્રી અરૂણાબેન ચિમનલાલ નાગડા પરિવાર-નલીયા
શેઠશ્રી હરિશભાઈ ચંદુલાલ મોમાયા પરિવાર-વારાપધ્ધર
અ.સૌ. લતાબેન કિરટી કુરૂવા પરિવાર-ગોધરા
માતુશ્રી ધનલક્ષ્મીબેન હિરાચંદ દંડ પરિવાર-લાલા
માતુશ્રી ચંદનબાઈ જાધવજી ધરમશી પરિવાર-નલીયા
શેઠશ્રી વિનુભાઈ ખેતશી મોમાયા પરિવાર-સાંયરા
શેઠશ્રી હેમરાજ મેઘજી ગોશર પરિવાર-બાયઠ
શેઠશ્રી જયકાંત રાયચંદ મોતા પરિવાર-તેરા
અ.સૌ. ઉષાબેન એમ. ધરમશી પરિવાર-જસાપર
માતુશ્રી હંસાબેન અરવિંદ જૈન (ધુલ્લા) પરિવાર-કોઠારા
માતુશ્રી રમીલાબેન હિરાચંદ મોમાયા પરિવાર-સાંયરા

ઘાટકોપર શ્રી અનંતનાથ જીનાલયમાં ૩૬૫ દિવસ ભવ્યાતીભવ્ય ભગવાનની અંગ રચના અ.સૌ. લતાબેન કિરટભાઈ કુરૂવા દ્વારા થાય છે. તેની આ સંઘ અનુમોદના કરે છે. આ પર્વાધિરાજ પર્યુષણની આરાધના આયોજન દરમ્યાન શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના હોદ્દેદારો અને કાર્યકર્તા દ્વારા કાંઈ પણ ભુલચુક થઈ હોય તથા કદાચ પણ ક્ષતિ રહી ગઈ હોય તો ખરા હૃદયથી મિચ્છામી દુક્કડ્મ... પર્યુષણ પર્વની ઉજવણીમાં સાથ સહકાર આપનાર શ્રી ક.દ.ઓજૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ, શ્રી અનંતનાથજી જૈન દેરાસર તથા સાધારણ ખાતાના ફંડોનું ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, અમારા ઉદારદિલ દાતાઓ, કાર્યકર્તાઓ, આરાધકોનો શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ ખરા હૃદયથી આભાર માને છે.



શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ
કમિટિ મેમ્બરો



શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના
કમિટિ મેમ્બરો પારણું કરાવતાં

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા તા. ૨૪-૦૧-૨૦૧૬ને રવિવારના સ્પોર્ટસ, ફન ફેર તથા કચ્છી ઢબના દાંડીયારાસનું કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેની ખાસ નોંધ લેવા વિનંતી. આપ કોઈ પણ પ્રોગ્રામ બનાવતા નહીં. તા. ૨૪-૦૧-૨૦૧૬ જીવીસી સંઘ માટે રાખશો. સ્થળ અને સમય આગામી સરક્યુલર દ્વારા જણાવવામાં આવશે.**

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના કાર્યકર્તાના જય જિનેન્દ્ર !**
**પ્રમુખ - સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

# પતિનો વધુ પડતી શિસ્તનો આગ્રહ પત્નીના જીવનને કંટાળાજનક રૂટીન બનાવી દે છે

આ પણે તો ભાઈ વર્ષોથી આ જ નિયમ પાળ્યો છે કે સવારે બરાબર સાડા સાત વાગ્યે ઘરેથી નીકળીને ઑફિસે જવું અને સાંજે છના ટકોરે પાછા ઘરે હાજર થઈ જવું. અઠવાડિયાના સાતેય દિવસનો બ્રેકફાસ્ટ, લંચ અને ડિનરનું મેનુ લગભગ નક્કી જ હોય. કોઈ વાર મહેમાન આવી જાય, ઘરમાં સાજામાંદા હોય તો એમાં ચેઈન્જ થાય. મહિને એક વાર ઘરના બધાએ સાથે ફિલ્મ જોવા જવાનું અને બહાર જમવાનું... બહારના બધાય કહે કે ભાઈ, માન ગયા તુમ કો! તમે તો ખરી રેગ્યુલર લાઈફ જીવો છો!'

ચહેરો પર ગૌરવમિશ્રિત સ્મિત સાથે એક ગૃહસ્થ પોતાની દિનચર્યા, જીવનશૈલી વર્ણવી રહ્યા હતા. બોલતાં બોલતાં એમણે સામે બેઠેલી પત્ની સામે જોયું, 'મે તો લગ્ન પછી તરત જ કહી દીધેલું કે બીજા ભલે ગમે તે કરે, પણ આપણે ડિસિપ્લિન્ડ લાઈફ જીવવાની. આપણે રહીશું એમ જ આપણા સંતાનો પણ...'




ગૃહસ્થનો વાણીપ્રવાહ એક દિશામાં અસ્ખલિત વહી રહ્યો હતો એમના જીવનની જેમ જ. સામે પત્નીના ચહેરા પર નિર્લેપતાના ભાવ હતા. કદાચ એ આ સંભાષણ અનેક વાર સાંભળી ચૂકી હશે. વર્ષોથી જીવાઈ રહેલી શિસ્તબદ્ધ જિંદગીનો આ પણ એક હિસ્સો હશે.

મહેમાનો સાથ લગભગ આવી જવાતો કરવાની, જમવાનું, વિદાય આપવાની, મોડું થઈ જાય અને કામવાળી બાઈ જતી રહે તો જાતે રસોડાની સાફસફાઈ કરી નાખવાની. ભગવાનનું નામ લેવાનું અને મૉર્નિંગ એલાર્મ મૂકીને પથારીમાં લંબાવી દેવાનું. બીજે દિવસે સોમવાર હોય તો હસબન્ડના ટિફિનમાં ભાખરી સાથે કઠોળ મૂકવાનું, દીકરીને સ્કૂલે મોકલવાની, ધોબીનો હિસાબ કરવાનો... બધું બરાબર ગોઠવાયેલું. આજે, કાલે,પરમ દિવસે...

ખરેખર એને આ રીતે જીવવામાં મજા આવતી હશે ?

આમ જુઓ તો કોઈ દુઃખ નથી. ઘરમાં કંકાસ નથી. પતિ સારું કમાય છે, દીકરો ભણવામાં હોંશિયાર છે. ભવિષ્યની ચિંતા નથી. પતિદેવે કંડારી રાખેલી કેડી પર ચાલ્યા કરે તો આખી જિંદગી આમ જ શાંતિપૂર્વક નીકળી જવાની, પણ ખરેખર એને આવી શાંત, એકધારી, ઘરેડ બની ગયેલી જિંદગી ગમતી હશે ?

બાવીસ વર્ષની ઉંમરે પરણી ગયેલી એ સ્ત્રી અત્યારે પાંત્રીસની થઈ છે. આ તેર વર્ષમાં એને ક્યારેક નિયમ તોડવાની ઈચ્છા નહીં થઈ હોય ? કોઈ વાર એને કંઈ unexpected, implusive લાગે તેવું કરવાનું મન નહીં થયું હોય ?

પતિ ભલે સાંજે છને ટકોરે ઘરમાં હાજર થઈ જાય, પણ હું આજે ફ્રેન્ડને ઘરે મોડે સુધી બેસીને વાતો કરીશ.... આજે રસોઈ નહીં બનાવું, ઘરમાં કહી દઈશ કે ફોન કરીને રેસ્ટોરાંમાથી જમવાનું મંગાવી લઈએ. કાલે સવારે મોડી ઊઠીશ... આ મહિને બેજટની ઐસીતૈસી કરી નાખીને પણ પેલે દિવસે સ્ટોરમાં જોયેલી અને બહુ ગમી ગયેલી પર્સ ખરીદી લઈશ.... હસબન્ડને કહી દઈશ કે આ બે દિવસ તમારી શિસ્તને પડતી મૂકો અને ચાલો, બહાર ફરવા ઊપડી જઈએ, કોઈ પ્લાનિંગ વિના.... આવો વિચાર ભૂલેચૂલે એ ડિસિપ્લિન્ડ હસબન્ડની ડિસિપ્લિન્ડ અર્ધાગિનીને આવ્યો હશે ?

પત્નીને પૂછો તો કદાચ બીજાની હાજરીમાં એ ના પાડશે, કદાચ આટલાં વર્ષોની આદતથી મજબૂર છે તો ખાનગીમાં પણ ના પાડી દેશે, પરંતુ, પછી એકલી પડતાંની સાથે જ એ પોતાની જાતને આ સવાલ પૂછશે અને પ્રમાણિક જવાબની અપેક્ષા રાખતી હોય તો અંદરથી એક ઝીણો, દબાયેલો અવાજ સંભળાશે : 'કોઈ કોઈ વાર મન થાય છે....'

વરસોનાં વરસ સુધી આપણે એકસરખી ઘરેડમાં જીવ્યા કરીએ છીએ. આ રફતારને શિસ્તે, સિક્યોરિટી, શાણપણ જેવાં રૂપાળાં નામ આપીએ છીએ, પરંતુ વાસ્તવિકતામાં એ આપણો ડર છે, અજાણ્યા રસ્તે જવાનો ! Fear of unknown એટલી હદ સુધી કે કોઈ નવા વિચારને પણ આપણે ભાગ્યે જ મગજમાં આવવા દઈએ છીએ.

અહીં માત્ર કોઈ નિયમ તોડવાની વાત નથી. વાત છે કે તમે ક્યારેય તમારા સેટ રૂટીનમાંથી બહાર જઈને વિચારો છો ? થોડા સમય પહેલાં એક પોસ્ટર જોયેલું, એમાં લખેલું : How many new ideas you had this week ? અને ખરેખર આપણામાં એવા અનેક હશે કે જે આના જવાબમાં કહે "Not a single one !"

જે નવું વિચારતા નથી એ નવું જાણતા નથી એક જ રસ્તે ચાલ્યા જનારને વર્ષો સુધી ખબર નહીં પડે કે બીજા રસ્તા પર સરસ મજાનો ગાર્ડન છે અને જે નવું જાણતા નથી એ કદાચ નવું કરતા પણ નથી, એમને પેલા ગાર્ડનમાં જઈને પક્ષીઓના અવાજ સાંભળવાની, નવા માણસોને મળવાની, ખુલ્લી હવામાં ખુલ્લા પગે ચાલવાની તક નથી મળતી. કદાચ એ બહાનું કાઢશે કે રૂટિનમાંથી બહાર આવીએ ત્યારે નવું વિચારવાની તક મળે ને ? પણ આ ખરા અર્થમાં બહાનું જ છે.

કંઈ નવું વિચારવા માટે દિવસો કે કલાકોની જરૂર નથી પડતી. આપણે જેને કમ્પલસરી રૂટીન કહીએ એ તો વધુમાં વધુ સવારના છ વાગ્યાથી શરૂ થઈને રાતે બાર વાગ્યા સુધીમાં પતી જતું હોય છે અને દર વખતે શરીર અને મન એટલાં થાકેલા નથી હોતા કે નવું વિચારવાની શક્તિ ન રહે ! હકીકત એ છે કે આપણે દિમાગના દરવાજા બંધ કરીને દઈએ છીએ કે નવું કરવાથી કંટાળીએ છીએ કે પછી સેફ રૂટીનમાંથી બહાર નાકળતાં ડરીએ છીએ !

ખોટું લાગતું હોય તો આજે રાતે સૂતાં પહેલાં કે કાલે સવારે ઊઠીને ખુદને પૂછી લેજો : 'જીવનમાં નવું શું છે ?

– **વર્ષા પાઠક** (સાભાર)

## KDO GLOBAL SUMMIT ON IT & EMERGING BUSINESSES

### AT TAJ VIVANTA, YESHVANTPUR, BENGALURU, ON 8TH & 9TH JAN- 2016.

- The powerful idea of mentoring of startup groups by the angel groups of the community is a down to earth and practical thought and needs to be implemented at the earliest. The entire frame work for execution has been presented with minute details. **Dev Dharamsey,** Mumbai
- No one can achieve a big dream alone. Here the entire community will have to play an important role. We have to inspire each other to believe passionately to join the bandwagon, to see the big picture and buy into it. And together we can and should achieve the goal. **Kirit shah,** Mumbai.
- Global Summit will help the community to tethink about the new directions the world of business is moving. Change to face the change. I request the eligible KDOs to participate in this path breaking Summit - **Chandrakant Patel,** Hubballi.
- Feel good to know Summit is being held at Taj Vivanta. Nothing is impossible if you have positive attitude. It will be a landmark in the history of KDOs. **Gulab Chheda,** Bangalore.
- Inspiration to excel before the beginning. **Dev Dharamsey,** Mumai.
- With your vision and guidance our youth shall reshape the community and thereby the world. - **Hans khimji,** Mumbai.

**Summit got good responses & views also from :** • **Kumar Dand -** Bhandup, Mumbai • **CA Naresh B. Shah -** Mumbai • **Bharat Khimji Momaya -** Hubballi • **Larin Khona -** Mumbai • **Jayant Chheda -** Gurjar Maat, Mumbai • **Bhadresh Patel -** Mulund • **P.L. Soni -** Juhu, Mumbai • **Sanjay Khona -** Coimbatore • **Rajesh Momaya -** Chennai • **Hemang Manikant -** Hyderabad • **Jigar Lodaya -** Raipur • **Amar Momaya -** Hubli • **Chetak Lodaya -** LinkedIn, Bangalore • **Kirti D. Dharamshi -** Bengaluru • **Kishor Kuruwa -** President, KDO Mahajan, Cochin • **Satish Luthia -** Gadag

For further details please visit www.kdoglobalsummit.com / Contact at : ourbrotherhood@yahoo.co.in


શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર**

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ -૩૭૦ ૪૦૫

**પુણ્ય ઉર્પાજનનો અમુલ્ય લાભ**

શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર - ભુજપુર જેમાં શ્રી ચક્રેશ્વરી, શ્રી મહાકાલી દેવી, શ્રી અંબાજી દેવી, શ્રી પદમાવતી દેવી, શ્રી મહાલક્ષ્મી દેવી, શ્રી ગૌતમ સ્વામીજી, શ્રી પૂજ મ. સાહેબ, શ્રી ઘંટાકર્ણ મહાવીર આમ, દેવ-દેવીઓ-ગુરૂ મુર્તિના સ્થાને ૪૨ વરસથી અખંડજ્યોત ચાલુ છે. સં. ૨૦૭૨ આખા વરસના મંદિરમાં સર્વસાધારણ વપરાશ અખંડજ્યોત સહિતના લાભાર્થી પરિવાર **અ.સૌ. વિજયાબેન કુંવરજી હરશી લોડાયા,** રાપરગઢ - ભાડુંપ તથા **અ.સૌ. પિન્કીબેન કમલેશ ધરમશી,** જશાપર-ભાંડુપ સુકૃતની ખુબ ખુબ અનુમોદના.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ ટ્રસ્ટ-મંદિર થી શુભેચ્છા-આભાર**

નોંધ : મુંબઈમાં મહાકાલી દેવીપૂજન પહેડી ઉત્સવ ઝલક વરસ ૧ થી ૨૦ ની D:U.O/C.D. મલશે.


**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા**
**આયોજિત સગપણ સંમેલન ૨૦૧૫**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા આયોજિત સગપણ સંમેલન ૨૦૧૫ (મેજિક મિલન)માં શરૂઆત થી સુંદર મહેનત કરના સર્વ શ્રી વિપુલ પટેલ, હરીશ શિયાલ, વિપુલ લોડાયા, ભુપેન્દ્ર ડાઘા, જીતેન્દ્ર સાંયા, હરીશ ડાઘા, તીલેશ ઘરમશી, રાજેન્દ્ર ખોના, શાંતિલાલ લાલકા (હુબલી), મોનીક ઘરમશી (હૈદરાબાદ), પ્રબોધ મુનવર, હેમંત મોતા, ફાલ્ગુન ખોના, અરવિંદ લોડાયા (ગાંધીધામ), ચંદ્રેશ છેડા (રાયપુર), ચાંદની લાલકા, ગુણવંતીબેન મોતા, દિનેશ અજાણી, મીઠીબાઈ દંડ, પલ્લવીબેન ખોના, પરેશ માલદે, જવેરચંદ પટેલ, ચંદ્રકાંત પાસડ તથા લોનાવાલા આશ્રમ સ્ટાફ તેમજ સારી સંખ્યામાં ભાગ લેનાર જ્ઞાતિના યુવક-યુવતીઓ અને આંતરજ્ઞાતિની બહેનો સર્વેનો શાંતિજિન ગ્રુપ દ્વારા આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ કોઈપણ કાર્ય માટે હમેશા તમારો સાથ અને સહકાર આપશોજી તથા ગ્રુપ ના દરેક સભ્યોની કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવ્યો એ બદલ અનુમોદના.

**જયેશ જૈન, ગોવિંદજી પટેલ, વિરેન્દ્ર લોડાયા**

## વિવિધ સંઘોની તપસ્વી યાદી

**કોચીન**

**૩૦ ઉપવાસ**

કુ. હિરલ ઉથીન લોડાયા,

**૧૬ ઉપવાસ**

શ્રીમતી અલ્પાબેન ભરત નાગડા (ચૌવિહારી)

**૧૧ઉપવાસ**

શ્રીમતી દીપાબેન ભવાનજી નાગડા

**૯ ઉપવાસ**

કુ. પાયલ લલિત ધરમશી
કુ. જિનભક્તિ વિજય ધરમશી (સિંકદરાબાદ)
શ્રી હિતેશ કુલીનકાંત મૈશેરી

**૮ ઉપવાસ**

શ્રીમતી ગીતાબેન ગિરીશ મોમાયા
શ્રીમતી મનિષા હિરેન ગોસર
શ્રી કમલેશ જવેરીલાલ લોડાયા
કુ. હેમલ સંજય ગોસર
શ્રી ગૌતમ ઉથીન લોડાયા
શ્રીમતી ઉષા પંકજ ધુલ્લા
શ્રી અજિત ગોવિંદજી મોમાયા
શ્રી ઉદેશ પંકજ મોમાયા
શ્રીમતી સરોજ મનિષ લોડાયા
શ્રીમતી. જયોતી પરેશ મોતા
શ્રી બોબી એસ. શાહ
શ્રી લલિત રતનશી મોતા
કુ. જલ્પા લલિત મોતા
શ્રીમતી ભાવના મુકેશ લોડાયા
શ્રીમતી આશા ભરત લોડાયા
શ્રી પ્રશાંત ભરત લોડાયા
શ્રી ધર્મેશ રમેશ નાગડા
શ્રી ધીરેન રમેશ નાગડા
શ્રીમતી મનિષા કૌશલ ધરમશી (નાગરકોઈલ)
કુ. લબ્ધિ શૈલેષ લોડાયા
શ્રીમતી કોમલ દર્શન ખોના
શ્રીમતી દીપમાલા ભરત લોડાયા
શ્રીમતી. ઈંદિરાબેન પાનપરીયા

**વડોદરા**

**૧૬ ઉપવાસ**

શ્રીમતી લતાબેન રાજેશ નાગડા

**૧૧ ઉપવાસ**

અ.સૌ.ભવ્યાબેન સંજીવ શર્મા

**૮ ઉપવાસ**

અ.સૌ. બીંદીબેન સંકેત શાહ
શ્રીમતી દીપાલીબેન ચંદ્રેશ નાગડા
શ્રીમતી લીનાબેન હીરાચંદ લોડાયા
કુ. હર્ષા પ્રફુલ લોડાયા
કુ. હની પ્રીતમ લાલકા
કુ. ઉર્વી મહેન્દ્ર નાગડા
શ્રી ચંદ્રેશ દીનેશ નાગડા
શ્રી રાહુલ હીરાચંદ લોડાયા
શ્રી દીપેન વર્ધમાન લોડાયા

**અક્ષયનિધિ તપ**

શ્રીમતી ચેતનાબેન લીલમ લાલકા
શ્રીમતી લતાબેન રાજેશ નાગડા
શ્રીમતી રશ્મિબેન કેવલ મોમાયા
શ્રીમતી રાજેશ્રીબેન વર્ધમાન લોડાયા
શ્રી વર્ધમાન કલ્યાણજી લોડાયા

**૪૫ એકાસણા**

શ્રીમતી લતાબેનન રાજેશ નાગડા
શ્રીમતી હંસાબેન દીનેશ નાગડા
શ્રીમતી રાજેશ્રીબેન વર્ધમાન લોડાયા
શ્રી વર્ધમાન કલ્યાણજી લોડાયા
શ્રી હીરાચંદ લક્ષ્મીચંદ દંડ

**રહી ગયેલા સમાચારો**

છેલ્લે છેલ્લે જાહેરાતો આવતા આ અંકમાં રહી ગયેલા અને આવતા અંકમાં છપાનારા સમાચારો આ પ્રમાણે છે : શાંતિજિનના કાયક્રમો (૨), વડોદરા સમાજ અને વડોદરા મહિલા મંડળ, વારાપધર (૨), જલગામ, જશાપર, ચાલીસગામ, ભાંડુપ, અનંત મિત્ર મંડળ, નવરાત્રી


જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું એવા
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની
છઠ્ઠી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

-: શ્રધ્ધાસુમન :-

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી**
તથા
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
(બાંઢિયા-ઐરોલી)



## શ્રી સચ્ચાઈ માં ભાવિક મંડળ – નલિયા

આપણા કુળદેવી શ્રી સચ્ચાઈમાતાજીની અસીમ કૃપાથી નલીયા, લોડાયા ફળિયા સ્થિત શ્રી સચ્ચાઈ માતાજી ને નમતા ભાવિકોની સમૂહ પહેડી **તા. ૬-૧૨-૨૦૧૫** ના રોજ મુલુંડ, મુંબઈ ખાતે યોજેલ છે.

આ મંગળ પ્રસંગે માતાજીના ગુણગાન ગાવા તથા એમની કૃપા આપણા પરિવાર પર સદાય વરસતી રહે માટે આપ સૌ પરિવારના સભ્યો સમયસર પધારી પ્રસંગ દિપાવશો એવી નમ્ર વિનંતી. પરિવારની તમામ નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવા નેહ નિતરતું નોતરું છે.

**શુભ દિવસ** : ૬-૧૨-૨૦૧૫ (કારતક વદ દસમ)
**શુભ સ્થળ** : ગૌપુરમ હોલ, પુરૂષોત્તમ ખેરાજ માર્ગ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
**શુભ કાર્યક્રમ** : સાંજના ૫ થી ૯ વાગ્યા સુધી

❖ ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી છે.
❖ કાળા કપડાં, ચામડાનો બેલ્ટ, પર્સ વિગેરે વર્જ્ય છે.

**સંપર્ક :** લિ. **સચ્ચાઈ માં ભાવિક મંડળ કમિટિ**

**જ્યોત્સનાબેન લોડાયા** (ભૂઈમા) – 98444 06425
**મયુર દામજી લોડાયા** (પ્રમુખ) – 93233 74330
**મનોજ વેલજી લોડાયા** (ખજાનચી) – 98674 65591
**કિરણ હંસરાજ લોડાયા** (માનદ્ મંત્રી) – 98209 17062
**નિરેન મુલચંદ લોડાયા** (સભ્ય) – 98695 12856

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥

# શ્રી ચંદ્રપ્રભજી તથા શ્રી શાન્તીનાથજી (વીર વસઈ ટુંક) શ્રી નલિયા જૈન દેરાસરની ૧૭૫મી વર્ષગાંઠ નિમીત્તે

# ત્રિહાનીકા મહોત્સવ

અબડાસા તાલુકાના શિરસમા અને મોટી પંચતીર્થમાં મુખ્ય તીર્થ એવા નલીયા (કચ્છ) ગામના ગાદીપતિ **શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન**ના દેરાસરની ૧૭૫મી વર્ષગાંઠના ઐતિહાસિક પ્રસંગની ઉજવણી માટે શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ અને સહયોગી સંસ્થાઓ દ્વારા ભવ્યાતી ભવ્ય ત્રિહાનીકા મહોત્સવનું **તારીખ ૨૩, ૨૪ અને ૨૫ મી ડીસેમ્બર, ૨૦૧૬**ના શુભદિવસોમાં આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવના આયોજનની રૂપરેખા તૈયાર થયેથી આપ સર્વેને આગળ જાહેરાત દ્વારા જણાવવામાં આવશે.

આ શુભ પ્રસંગે નલીયાવાસીઓ અને નલીયા ગામની નિયાણી બહેનોને સહપરિવાર પધારવા માટે ટ્રસ્ટ અને સહયોગી સંસ્થાઓ દ્વારા ભાવભર્યું આમંત્રણ છે. નલીયા (કચ્છ) આવવા અને જવાની તથા ગામ મધ્યે રહેવાની અને જમવાની સર્વ વ્યવસ્થા ટ્રસ્ટ અને સહયોગી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે એની નોંધ લેશોજી.

આપણા ગામની ગરીમા વધે અને વધારેને વધારે ગામવાસીઓ આ મહોત્સવનો લાભ લે તે માટે **તારીખ ૨૩, ૨૪, અને ૨૫ ડિસેમ્બર, ૨૦૧૬** મુજબના ત્રણે દિવાસો માટે આપ સમય કાઢીને નલીયા (કચ્છ) મધ્યે આવવા માટે અત્યારથી આપના સમય પત્રકનું આયોજન કરીને પધારવા મહેરબાની કરશો, એજ આ એક વર્ષ પહેલા જાહેરાત આપવાનો હેતુ છે તે જાણશોજી.

એજ લી.

**શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ**

શ્રી મોતીચંદ લાલજી ખોના
શ્રી નરેશ ભવાનજી મોમાયા
શ્રી વિજય વર્ધમાન ખોના
શ્રી કલ્યાણજી ચાંપશી છેડા
શ્રી પ્રતાપ પદમશી લાલકા
શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા
શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા

## ચિંતન પ્રકાશ : કોણ કરી ગયું શ્વાસ બંધ...

જન્મ એક અનિશ્ચિત ઉત્સવ છે અને મૃત્યુ એક નિશ્ચિત રહસ્ય કોઈને માટે મૃત્યુ અલ્પવિરામ છે તો કોઈને માટે પૂર્ણવિરામ. ટીવીની ભાષામાં વાત કરીએ તો શરીર નામની સિરયલમાં આવતો કમર્શિયલ બ્રેક એટલે મૃત્યુ. નવલકથાની ભાષામાં કહીએ તો ક્રમશઃ રહેતું પ્રકરણ, અખબારની ભાષામાં કહીએ તો જગ્યાના અભાવે ખેંચાતું અનુસંધાન, સ્કૂલની ભાષામાં કહીએ તો ફ્રેશ થવા માટેની રિસેસ. પુનર્જન્મમાં માનતા લોકો એને બ્રેક ગણે છે અને ન માનનારા લોકો ધી એન્ડ.

સાહજિક મૃત્યુનું કામ છે થાકેલા શરીરને વિરામ આપવાનું. આયુષ્ય ભોગવ્યા પછીનું મરણ આશીર્વાદ છે અને અકાળે આવતું મરણ અભિશાપ.

મુંબઈ જેવા શહેરમાં નૈસર્ગિક મૃત્યુ જેટલો જ સ્વીકાર આપત્તિ-મૃત્યુનો થયો છે. રશ અવર્સમાં લોકલગરા મુંબઈવાસીઓ મૃત્યુના ડરને કારણે લટકવાનું છોડી શકતા નથી. એક નંબરના પ્લેટફૉર્મ પર સ્ટ્રેચરમાં પાટા નીચે કચડાયેલી વ્યક્તિની લાશ ઓળખવિધિની રાહ જોતી પડી હોય અ દૃશ્ય ક્ષણિક વૈરાગ્ય જન્માવી શકે. બીજી ક્ષણે તો ટ્રેન પકડવા પોઝિશન લઈ લેવી પડે. દૈનિક દુર્ઘટના આખરે દૈનિક ઘટના લેખાવા લાગે. રોજની બીમારી એક તબક્કે બીમારી ગણાતી બંધ થઈ જાય. આમાં શું થાય, છે તો છે, પેટ કરાવે વેઠ જેવા અનેક ફિલોસોફિકલ ખુલાસા સાથે જિંદગીએ સમાધાન કરવાં પડે છે. ડગલે ને પગલે મોત નકાબ પહેરીને ઊભું હોય છે.

મૃત્યુ વિરોધાભાસ ધરાવતી વાસ્તવિકતા છે. હૉસ્પિટલના બિછાના પર વરસોથી કોમામાં પડેલી જિંદગી મૃત્યુ ઝંખતી હોય તોય એ દેખા ન દે અને બાજુના બિછાના પર હસતાં-રમતાં બાળકને ભરખી જાય. અડધો ડઝન રોગ સાથે ડાયાલિસિસ પર જીવી કંટાળેલા વયોવૃદ્ધને છુટકારો આપવામાં લાં.... બી પ્રતીક્ષા કરાવે, પણ પરણીને હનીમૂન પર જતાં યુગલને અકસ્માતમાં ખૂંચવી લે. મૃત્યુને કોઈની શરમ નડતી નથી. એના અનેક એજન્ટ છે. માંદગી, અકસ્માત, હોનારતની સાથે કોઈ વાર પોતાની કે ડૉક્ટરની ભૂલ પણ એને નોતરી શકે.

મૃત્યુ કરતાં પણ ભયાનક છે એની પ્રતીક્ષા. કેન્સર જેવા અસાધ્ય રોગના છેલ્લા સ્ટેજમાં મોતની પ્રતીક્ષા કરતા દરદીની મનઃસ્થિતિ આપણે અનુભવી નહીં શકીએ. સ્વીકાર એ ઉત્તમ માર્ગ છે, છતાં જિંદગીને ખુશ થઈને બાય... બાય કરવું કેમ ગમે ?

અકાળે થતા મૃત્યુની ઘટનાઓથી અખબારો ખરડાયેલા છે. કુંભમેળામાં પવિત્ર સ્નાન માટે આવેલા લોકો ધક્કામુક્કીમાં રામશરણ થઈ જાય. ઘરેથી કૉલેજ જવા નીકળેલી છોકરી પાટા ક્રૉસ કરતી વખતે મોબાઈલ પર ગીતો સાંભળાવામાં મગ્ન હોય અને ટ્રેન નીચે કચડાઈ જાય. હાઈ-વે પર પૂરપાટ દોડતી બસ હડફેટે લઈ લે. હજી તો માંડ ચાલીસી પર પહોંચ્યો હોય એવો યુવક માસિવ અટેકમાં રસ્તા પર જ સમેટાઈ જાય...

દરેકના પ્રાણ મૂલ્યવાન છે. દરેક શ્વાસ પર જિંદગીના હસ્તાક્ષર હોય છે. આ હસ્તાક્ષર કાળક્રમે ફેડ થઈ જાય તો અફસોસ ન હોય, પણ એ સમય પહેલાં ભૂંસાઈ જાય ત્યારે બેફામસાહેબના આ શેર જેવો વસવસો ઊભરી આવે.

**પરિવર્તન થયું બસ, એટલું 'બેફામ' જીવનમાં**
**જનમદિન આવતો'તો ત્યાં મરણની સાલ આવી ગઈ...**

**- હિતેન આનંદપરા, ચિત્રલેખામાંથી સાભાર**

---

### આ છે... આયંબિલ તપના મહા તપસ્વીઓ

● વર્ધમાન તપની અખંડ રીતે ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર શ્રી ચંદ્રકેવળી બન્યા. જેઓ ગઈ ચોવીશીમાં બીજા નિર્વાણી પ્રભુના શાસનમાં મોક્ષે પધાર્યા તેમનું નામ ૮૦૦ ચોવીશી સુધી અમર રહેશે. ● ભગવાન ઋષભદેવની પુત્રી સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ સુધી અખંડ આયંબિલ કરેલ. ● સનત્કુમાર ચક્રવર્તીએ પૂર્વભવમાં વર્ધમાન તપની ઓળી પૂર્ણ કરીને લોકોત્તર પુણ્ય પ્રાપ્ત કરી ચક્રવર્તી થઈ ત્રીજા દેવલોકે ગયા. ● ભગવાન નેમિનાથના સદુપદેશ થી દ્વારિકાનો ઉપદ્રવ્ય ટાળવા ૧૨ વર્ષ સુધી અખંડ આયંબિલની આરાધના ચાલેલ. ● પાંચ પાંડવોએ પૂર્વભવમાં વર્ધમાન તપની ઓળી કરેલ. ● મહાતસતી દ્રૌપદીએ પદ્મોતર રાજાની આપત્તિમાંથી દૂર થવા માટે છ મહિના પર્યંત છઠના પારણે આંબિલ કર્યા હતા. (જ્ઞાતા સૂત્ર) ● મહાસતી દમયંતીએ પૂર્વભવમાં ૫૦૪ અખંડ આંબિલથી તીર્થંકર તપ કરીને ૨૪ ભગવાનનાં લલાટમાં હીરાના તિલક સ્થાપેલ. ● ચરમકેવલી જંબુસ્વામીએ પૂર્વભવમાં ૧૨ વર્ષ સુધી છઠના પારણે આંબિલ કરેલા. ● ધન્ના અણગારે જીવતજીવ સુધી છઠના પારણે આંબિલ કરેલા. ● સિંહસેન દિવાકર સૂરિએ ૯ વર્ષ સુધી અખંડ આંબિલ કરેલ. ● વીરપ્રભુની ૪૪મી પાટે થયેલ જગત્‌ચંદ્રસૂરિએ જાવતજીવ આંબિલ કરેલા. ● સંતિકર સ્તોત્રનાં કર્તા મુનિસુંદરસૂરિએ જાવતજીવ સુધી અખંડ આંબિલ કરેલા.

**- ઉર્મિલાબેન લાલકા**

---

### મુંબઈ અનંતનાથજી સ્થાને માતાજીની ભાવના

અચલગચ્છના દેવીશ્રી મહાકાલી માતાજી અને ચકેશ્વરી માતાજીની ભક્તિ ભાવના ૧૫.૧૧.૨૦૧૫ કારતક સુદ ૪ના રવિવાર બપોરના ૩ થી ૫ અનંતનાથ દેરાસરજી ઉપાશ્રયે પરમપૂજ્ય સાધ્વીશ્રીની પાવન નિશ્રામાં યતિ મોતીસાગરજી શ્રી મહારાજ તરફથી રાખવામાં આવેલ છે. સૌને પધારવા આમંત્રણ.

---


### મહેતાજી જોઈએ છે

ગામ સાંયરા તાલુકા (અબડાસા) ક.દ.ઓ જૈન મહાજનમાં જૈન દેરાસર/ભોજનાલય/અતિથિગૃહની દેખરેખ-સંભાળ રાખી શકે તેવા અનુભવી મહેતાજીની જરૂરત છે. રહેવાની સગવડ મળશે.

**સંપર્ક : મધુકર શાહ**
ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ, મુંબઈ
C/o. મુલજી રતનસી એન્ડ કું.
૩૩૪, મુલ રત્ન, નરસી નાથા સ્ટ્રીટ,
મુંબઈ-૯. ફોન : 2342 1426 - 2351

## ટૂંકી વાર્તા : મારી કથાની નાયિકા

ઊંચી, ટટાર ને જરીક શામળી એક બાઈ શાળાના વરંડામાં આવીને ઊભી. તેની ભડક કેસરી રંગની સાડીએ અને આંખોની ચમકે મારું ધ્યાન ખેંચ્યું. તેણે પ્યૂનને કહ્યું, 'છઠ્ઠા ધોરણમાંથી સચીનને બોલાવી લાવ!'

તેવામાં ઘંટ પડ્યો. પ્યૂન ગયો અને એક છોકરો દોડતો આવ્યો. તેની આંખમાંયે એજ ચમક હતી. ચહેરો-મ્હોરોયે મળતો આવતો હતો. બાઈએ ડબ્બો ખોલી એક કોળિયો છોકરાને ભરાવ્યો. પછી ડબ્બો હાથમાં લઈ છોકરો ઉતાવળે-ઉતાવળે ખાવા લાગ્યો. જાણે કોઈ કોઈ જાય તેનો એને સંકોચ હતો. બાઈ મન ભરીને એને ખાતો જોઈ રહી હતી.

એ છોકરાને કાંઈક પૂછતી હતી, છોકરો જવાબ દેતો હતો. બાઈના ચહેરા પરના ભાવ પલટાતા જતા હતા. ગુસ્સો, દુઃખ, તિરસ્કાર, પ્રેમ. પછી કેટલીયે વાર સુધી એ છોકરાને સોડમાં લઈ માથે હાથ ફેરવતી રહી.

ઘંટ વાગ્યો. છોકરો દોડ્યો. ઊભરાતી આંખે બાઈ ક્યાંક સુધી એ દિશામાં જોતી રહી.

કૌતુકથી હું બહાર આવી. 'ક્યાંથી આવ્યાં તેમે ?' સાંગલીથી, ત્યાં કારખાનામાં પેકિંગનું કામ કરું છું. આજે મંગળવાર, છુટ્ટીનો દિવસ, એટલે મળવા આવી. છોકરો અહીં રહે છે, બાપ પાસે. નાની છોકરી મારી પાસે છે, પિયરમાં.

'પતિએ તમને છોડી દીધાં છે?'

'એ શું છોડતો હતો મને ? મેં જ એને છોડી દીધો. તેણે એક કભારજાને ઘરમાં ઘાલી છે. સ્ત્રીઓ પણ આવે છે, પોતાની કિંમત નથી મૂઈઓને. મેં કહ્યું, હું સાથે નહીં રહું' - એ ભભૂક્તી જવાળાની જેમ ભડકી ઊઠી.

'કેટલાં વરસ છૂટાં પડ્યાંને?'

'પાંચ વરસ. એને એમ કે છોકરાને ખાતર આવશે અને ગુલામડી થઈને રહેશે, પણ મને મંજૂર નથી. મેં કહી દીધું કે તારે રહેવું છે ને બીજી સાથે, તો તારો મારો સંબંધ પૂરો.... પણ છોકરાનું મોઢું જોયા વિના નથી રહેવાતું. એને માટે જીવ તરસે છે. મૅડમ, તમે એનું ધ્યાન રાખજો.'

ત્યાર પછી મંગળવારે એ આવતી, ત્યારે થોડી-ઘણી વાતચીત થતી. પરંતુ તુરતમાં જ અમારી સંસ્થાની બીજી શાળામાં મારી બદલી થઈ, એટલે મળવાનું બંધ થયું છતાં એ બાઈ મારી આંખમાં વસી ગઈ હતી. ઘણી વાર યાદ આવતી. એક અભણ બાઈ કેટલું દેવત દાખવી રહી છે! હું તેના પર મુગ્ધ હતી.

ક્યારેક હું વાર્તા લખતી. એખ વાર્તા હરીફાઈમાં મેં મારી કથાની નાયિકાની સિંહાસને એને બેસાડી. વાર્તા ઘણી વખણાઈ. તેને ઈનામ પણ મળ્યું.

ફરી મારી બદલી થઈ. ચાર વરસે હું જૂની શાળામાં પાછી આવી. મારી સ્વયંસિદ્ધા મને યાદ આવી. મારી વાર્તાની મારે એને વાત કરવી હતી. એના પ્રખર સંઘર્ષ વિશે જાણવું હતું.

પહેલે જ દિવસે હું દસમા ધોરણમાં કવિતા ભણાવતી હતી. 'પ્રેમસ્વરૂપ માતા.' અને મારી નજર એક છોકરા પર સ્થિર થઈ. હા, એજ છોકરો. આંખની એજ ચમક. સચીનને ઓળખી કાઢ્યો. પછી ઓફિસમાં બોલાવ્યો. 'મા મળવા આવે છે ને?'

'ના. હવે એ કાયમ માટે અહીં જ આવી ગઈ છે. મારા મામા એને મૂકી ગયા.' તેના જવાબમાં આનંદ હતો કે ઉદાસી, કાંઈ સમજાયું નહીં. પણ મેં નોંધ્યું કે અગાઉનો કોમળ અવાજ હવે ઘોઘરો થવા લગ્યો હતો.

'માને કહેજે કે મળવા બોલાવેલ છે.'

અને તે આવી. આંખોની પેલી ચમક મને થોડી ઝાંખી થયેલી લાગી. મેં પૂછ્યું, 'ઓળખે છે ને મને ? દર મંગળવારે સચીનને મળવા તું સાંગલીથી આવતી. કાંઈ ને કાંઈ ખાવાનું લાવતી. આપણે વાતો કરતા.'

મૅડમને હજી બધું યાદ છે જાણી એને સારું લાગ્યું. પણ નિસાસો નાખતી બોલી, 'એ બધું પતી ગયું.'

'પણ શું થયું?'

'મૅડમ, મારા બાપનું અચાનક મૃત્યુ થયું. મા ભારે માંદગીમાં ખાટલે પડી. ભાઈ પરણ્યો. ભાભીને હું ઘરમાં જોઈતી નહોતી. તેમાં કારખાનું બંધ થયું અને મારી નોકરી છૂટી ગઈ. બહુ ભટકી, પણ બીજી નોકરી ન મળી. હું કાંઈ ભણેલી નહીં ને !... છેવટે બીજો કોઈ ઉપાય ન રહ્યો.' કહેતાં એ સાવ ભાંગી પડી.

થોડી વારે રડમસ સાદે બોલી, 'મૅડમ મારી દીકરી અહીં ચોથા ધોરણમાં ભણે છે. એ સરસ ભણીને પગભર થાય એમ જોજો!'

મારાથી સાંભળી શકાતું નહોતું. મારી કથાની નાયિકા આમ પરાભૂત થઈ ગઈ તે મારાથી સહન થતું નહોતું. એ ઊંચી, ટટાર સ્ત્રી ઘરના અંધારા ખૂણામાં ગલિત ગાત્રો સાથે બેઠી હતી. એને કેવી રીતે ઉઠાડવી, તે મને સમજાવશો ?

('મીનાક્ષી સરદેસાઈ'ની મરાઠી વાર્તાને આધારે)

## સુથરીની ચાર સંસ્થાઓના હિસાબો

આપણી નીચે જણાવેલ ચાર સંસ્થાઓના વર્ષ ૨૦૧૪/૨૦૧૫ના હિસાબનું ઑડિટ થઈ ગયેલ છે. સુથરી-સંઘના સભ્યોને હિસાબ જોવા માટેનો સમય તા. ૦૨/૧૧/૨૦૧૫ થી તા. ૧૦/૧૧/૨૦૧૫ સુધીનો રાખવામાં આવેલ છે. એ માટે ટ્રસ્ટની મુંબઈ ઑફીસમાં સોમવાર થી શુક્રવાર સવારના ૧૧ થી સાંજના ૪ દરમિયાન શ્રી વર્ધમાન રતનશી લોડાયાનો સમય લઈ સંપર્ક કરવો.

### મુંબઈ ઓફીસનું સરનામું

C/o. નરશી કોટન, ઓમજીન ચેમ્બર્સ, ત્રીજા માળે,
૧૦ વિદ્યાનગરી માર્ગ, કલીના, સાંતાક્રુઝ (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૮.

લિ.

**સુથરી પાંજરાપોળ**
**શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જૈન દેરાસર અને સાધારણ ફંડ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સુથરી**
**કચ્છ સુથરી વેલ્ફેર ફંડ**
ટ્રસ્ટીઓ

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કે.ડી.ઓ. ક્લાસિકની વાર્ષિક સભા - શરદોત્સવ

કે.ડી.ઓ. ક્લાસિકની વાર્ષિક સભા અને શરદોત્સવ કાર્યક્રમ રવિવાર તા.૨૫-૧૦-૧૫ના વડાલાની એસ.એન.ડી.ટી. કોલેજ ખાતે યોજાયો હતો. પ્રમુખ હિરાચંદ દંડે સૌને આવકાર આપ્યો. સભાનું સંચાલન ઉપપ્રમુખ શ્રીમતી મિનલબેન ખોનાએ કર્યું હતું. ચાંપશી હેફાએ સંસ્થા અને તેના ઉત્કર્ષ નિધિની નાણાંકીય સ્થિતિનો ખ્યાલ આપ્યો.

પાસ્ટ પ્રેસીડન્ટ રાજેશ શાહે ઉત્કર્ષનિધિ અને યુવા સભ્યોની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

કે.ડી.ઓ. ક્લાસિક યુથ પ્રેસીડન્ટ શ્રીમતી વિરાજ ધુલ્લાએ કે.ડી.ઓ. ક્લાસિક યુથના સભ્યોને આવકાર્યા હતા.

શ્રીમતી નીતા ગાલાએ શરદપૂર્ણિમા સંબંધી રમતો રમાડી. તે પછી સભ્યો કચ્છી પરંપરાગત મટુકડી અને દાંડિયા રમ્યા. શ્રીમતી શિલ્પા અજાણી અને શ્રીમતી તૃપ્તિ શાહે નિર્ણાયકરૂપે બેસ્ટ પ્લેયર અને બેસ્ટ કપલ જાહેર કર્યા હતા. આભારવિધિ કે.ડી.ઓ. ક્લાસિક યુથ પાંખના સેક્રેટરી શ્રીમતી રિતીકા લાપસીયાએ કરી હતી. (તસ્વીરો છેલ્લા કવરપર)

### શ્રી ક.દ.ઓ. પોલડીઆ પરિવારો જોગ 'ગૌરંગ બાલુડો'

'ગૌરંગ બાલુડો' (ગોએરસમા, બારોઈ, બાયઠ, રંગપુર, લુણી, ડુમરા)ના પોલડીયા પરિવાર દ્વારા આયોજિત કચ્છ ધણીયાણી માઁ આશાપુરા માતાજીની સપ્તમ(સાતમી) પહેડી તારીખ ૧૦-૦૧-૨૦૧૬ના રવિવારના રોજ શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ(એ.સી.હૉલ) ભાંડુપ અનંતસિદ્ધિ મધ્યે યોજેલ છે. સાતમી પહેડીના સૌજન્ય દાતાશ્રી કદઓ પોલડીયા પરિવારો ડુમરાવાસીઓ. સંપર્ક : ભરત શિવજી પોલડીયા (ડુમરા) - 9320668286.

### કોચીનમાં પર્યુષણ પર્વ આરાધના

કોચીનમાં શ્રી ધર્મપ્રભ સાગરજી મ.સા., પ.પૂ.જાપનિષ્ઠ શ્રી રાજશેખર સાગરજી મ.સા.અને શ્રી ધર્મશેખર સાગરજી મ.સા.ની નિશ્રામાં આ વર્ષના પર્યુષણ મહાપર્વની આરાધના ખૂબ જ આનંદ અને ઉત્સાહ પૂર્વક ઉજવાયેલ. કોચીનના ઈતિહાસમાં ઘણા વર્ષો પછી સાધુ ભગવંતોનો યોગ મળેલ અને તેના દ્વારા ખૂબ જ સુંદર આરાધનાઓ થઈ. ગુરૂભગવંતોની નિશ્રામાં પર્યુષણ પર્વના વ્યાખ્યાનો સુંદર રીતે સંપન્ન થયાં. શ્રી કલ્પસૂત્ર ઘરે પધરાવાનો લાભ શ્રી લખમશી વેલજી મૈશેરી પરિવારે લીધેલ. પ્રભુજીનું પારણું ઘરે પધરાવાનો લાભ શ્રી નરશી વીરજી ધરમશી પરીવારે લીધેલ. સ્વપ્ન મહોત્સવની બોલીઓ ખૂબ જ ઉત્સાહથી બોલાણી હતી. પર્યુષણ બાદ પ્રભુજીની રથયાત્રા કાઢવામાં આવી હતી.

### કારંજા-મૂર્તિજાપુર મહિલામંચ

કારંજા-મૂર્તિજાપુર મહિલામંચની તા. ૦૫.૦૯.૨૦૧૫ ની બેઠક સૌ.પાયલ જીનન લોડાયા ના ઘેર રાખવામાં આવેલ. એક ગેમ રમાડવામાં આવેલ. જેમા DISE માં નં ૬, આવે ત્યાર સુધી પેજ પર નંબર લખવાના હતા. જેના પેલ્લા ૧૦૦ નંબર સુધી લખાઈ ગયુ તે વિજેતા થયા. એમા બે વિજેતા આવેલ.વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યુ.

પર્યુષણ પર્વ દરમ્યાન મંચ તરફથી બધા બાળકો ને એક નિયમ કાર્ડ આપવામાં આવ્યું. જેમાં ૧૪ નિયમ લખેલા હતા. જેમ કે દેવ દર્શન, રોજ પૂજા, ચોવિહાર, T.V. ત્યાગ એવા વિવિધ ૧૪ નિયમ લખેલા હતાં. અને બાળક જે નિયમ પાળે તેના ઉપર તેને Tick કરવાનું હતું. એમાં ત્રણ ગ્રુપ બનાવેલા હતાં. બધા જ ગ્રુપમાં ૨ વિજેતા કાઢવામાં આવ્યા. બાળકોને ઈનામ આપવામાં આવ્યા.

મહિલા મંચની તા ૧૧.૧૦.૧૫ ની મિટિંગ સૌ.વિદ્યા દેવાંગ લોડાયા ના ઘેર રાખવામાં આવેલ. હાઉઝી રમાડવામાં આવી. જેમાં વિજેતા-સૌ. કોમલ દિલીપ લોડાયા. સૌ.કેતકી દિપક ગોસર, સૌ.હિના જયેશ લોડાયા, સૌ. રાશી રાહુલ ગોસર. સૌ. પાંયલ જીનન લોડાયા હતા. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

શ્રી પુના જૈન સંઘ દ્વારા તા. ૨૫-૧૦-૨૦૧૫ના રવિવારે શરદપુનમની ઉજવણી થયેલ. પુના નજીક કલશ મંદિરમાં દર્શન

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

તથા બપોરનું જમણ નિર્ધારીત કરાયેલ જેના પ્રાયોજક ભાગ્યશાળી દાતા પરિવાર શ્રી કેશવજી વીરચંદ હતા. લોનાવલા 'સાધના કુટીર'માં શ્રી સંઘ દ્વારા મહાકાળી માતાની ભાવના ભણાવાયેલ. કચ્છી ઢોલ શરણાઈના સુરતાલે મડકડી, ઢોલ સંઘ ગરબા બાર દાંડીયારાસનું સુંદર આયોજન કરાયેલ.

આ કાર્યક્રમ માટે સ્થળ, ચા-કોફી, દુધ-પૌવા, મહાકાળી માતાની ભાવનાની પ્રસાદી તથા સાંજના જમણવારના દાતા પરિવારો : ૧) શ્રી નીલેશ રસિકલાલ ખોના ૨) શ્રી રમેશ ભવાનજી મૈશેરી ૩) માતુશ્રી હિરબાઈ જીવરાજ મોમાયા ૪) માતુશ્રી બાયાંબાઈ શામજી દેવણાંધ મોતા સમસ્ત પરિવાર

શ્રી સંઘ દ્વારા દાતાઓનું સન્માન કરાયેલ. કાર્યક્રમની સફળતાનો શ્રેય દાતાઓ, કમિટિ તથા કમિટિના સલાહકાર શ્રી ખુશાલ લાલજી મહેશ્વરીને ફાળે જાપ છે.

**શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળ ગાંધીધામ**

ગાંધીધામના શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળે આ વર્ષે ''એક્ઝીબીશન કમ સેલ'' નું આયોજન કર્યું હતું.

પ્રોજેક્ટને પાર પાડવામાં પ્રમુખશ્રી - મીનાબેન લાલકા, ઉપપ્રમુખ શ્રી - દિમીબેન ધરમશી, મંત્રી - ભાવિની દંડ, સહમંત્રી - દિસીબેન લોડાયા, ખજાનચી - લીપીકાબેન મૈશેરી, સહખજાનચી - મૃદુલાબેન નાગડા, કાર્યકારી સભ્ય - ફાલ્વી લોડાયા, કલ્પનાબેન મોતા, પદ્મીનીબેન નાગડા, ભક્તિ ધોતેએ ખૂબ મહેનત કરી હતી.

આ કાર્યક્રમના મુખ્ય દાતા એક્ટીવ કોર્ગો મુવર્સ - ઝવેરચંદભાઈ ખોના અને બીજા સહદાતા લીઓ મેન્સ વેર ભૂપેન્દ્રભાઈ લોડાયા ઓ પોતાનો ફાળો આપી મંડળને પ્રોત્સાહીત કર્યા હતા. એક્ઝીબીશનનું ઉદ્ઘાટન લહેરચંદ ખોનાના હસ્તે કરવામાં આવ્યું હતું.

એક્ઝીબીશનમાં ખાના ડેકોરેશન, ફ્રેમસ, તોરણ, હેન્ડમેડ બનાવેલ હતા, ચણીયા ચોળી, દીવા, રેડીમેઈડ રંગોલી, કુર્તીજ, ડિઝાઈનર ડ્રેસ મટેરીયલ, બ્લાઉજ મટેરીયલ, મુખવાસ વિવિધ ખાવાના સ્ટૉલની સમાવેશ થયેલ હતો. તેમજ બ્યુટી પ્રોડક્સ પણ બધા સ્ટોલ્સને સારો સહકાર મળ્યો હતો.


**સ્પોર્ટ્સ વર્લ્ડ સ્ટાર માસિકનો બીજો કાર્યક્રમ : હૂન્નર ફૂડ ફેસ્ટીવલ ૨૦૧૫**

**રવિવાર, તા. ૮ નમ્વેબર ૨૦૧૫ સવારના ૯ વાગ્યાથી પ્રારંભ**

સાવરકુંડલા હોલ રાજાજી પથ, મઢવી બંગલા પાસે,ડોંબીવલી (પૂર્વ).

**વિશેષ આકર્ષણ : રસોઈ સ્પર્ધા, Minute to Win it ભાગ લેનારને રંગોળી, મેંહદી અને હાઉઝી એમ ત્રણ ગેમો ફ્રી રમવા મળશે.**

સ્ટોલ રાખવાનો દર રૂા. ૩૮૦/- બેનરનો દર રૂા. ૧૦૦/-

સંપર્ક : અમિત દંડ - 93234 06052


**ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી ચૈત્ય પરિપાટી**

ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી મંડળ દ્વારા તા. ૩/૧૦/૧૫ અને ૪/૧૦/૧૫ (૨ દિવસ ની) સાપુતારા-વણી-દેવલાલી તથા ધર્મચક્ર ચૈત્ય પરિપાટી યોજાઈ હતી. જેમાં ૧૩૦ જણ જોડાયા હતા.

વણી માં ૮૬૦ વર્ષ જુના - અમી જરા પાર્શ્વનાથ બિરાજમાન છે. દેવલાલીમાં પાનબાઈ દેરાસર માં શાંતિનાથ ભગવાનની સમક્ષ સામુહીક ચૈત્યવંદન કરાવેલ. પ.પૂ. જયદર્શીતા મહારાજ સાહેબ તથા આદિથાણા ૨ ને વંદન કરવા ગયેલ.

ગુરૂ ભગવંતો ના મુખેથી ગુરૂવાણી સાંભળી ધન્ય થઈ ગયા. ધર્મચક્રમાં સામૂહિક ચૈત્યવંદન કર્યા

આયોજનને સફળ બનાવવા પ્રવાસ સમિતિ ચેરમેન અતુલ ડુંગરશી ધરમશી, પ્રમુખ શ્રી રાયચંદભાઈ - ઉપપ્રમુખ શ્રી અજયભાઈ, સહ માનદ્મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ, ખજાનચી શ્રી ચેતનભાઈ, તંત્રી શ્રી ઉર્મિલાબેન, તેમજ મંડળના વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી સંજયભાઈ, ભાવનાબેન, ગીરીશભાઈ અને ભાવીનીબેન આદિએ ખાસ જહેમત લીધી હતી.

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ - મોટી સિંધોડી સ્નેહમિલન - ૨૦૧૬**

પરસ્પર પ્રેમ-ભાઈચારો વધે તથા વિચારોના આદાન પ્રદાન થાય એ હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૦મા સ્નેહમિલનનું આયોજન તા. ૧૭/૦૧/૨૦૧૬ ને **રવિવારનાં શેઠશ્રી નરશી નાથા બેન્ક્વેટ હૉલ (AC), અનંત સિદ્ધિ, ભાંડુપ (વેસ્ટ)** ખાતે રાખવામાં આવશે. સૌ ગામવાસીઓ તથા નિયાણી બહેનો સપરિવાર પધારવા સાદર આમંત્રણ છે.

સંપૂર્ણ સ્નેહમિલનનો નકરો રૂા. ૧,૫૧,૦૦૦/-, સ્વામી વાત્સલ્યનો નકરો રૂા. ૭૫,૦૦૦/-, તપસ્વી અનુમોદનાનો નકરો રૂા. ૧૧,૦૦૦/-, શૈક્ષણિક બહુમાનનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખેલ છે. સર્વ સાધારણ માટે રૂા. ૫,૫૫૫/- તથા ધ્વજાના ચડાવા માટે પણ આપ સર્વે કાર્યક્રમમાં સાથ-સહકાર આપશોજી.

તા. ૨૫/૧૧/૨૦૧૫ સુધી રૂા. ૫૦૦૦/- કે તેથી વધુ રકમના ભાગ્યશાળી પરિવારનાં આવેલ નામ આગામી સ્નેહમિલનની આમંત્રણ પત્રિકામાં આમેજ કરવામાં આવશે. આઠ કે તેથી વધુ ઉપવાસનાં તપસ્વીઓનાં નામ તથા વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન પાસ થયેલ વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ તા. ૨૫/૧૧/૨૦૧૫ સુધી મોકલવા વિનંતી.

-: સંપર્ક :-

તિલકભાઈ લોડાયા - 99309 82061 હર્ષાબેન શાહ - 98692 84303

દિનેશભાઈ મૈશેરી - 92210 47246 હેમાંગ લોડાયા - 99206 46846

**ધ્વજા મહોત્સવ ૨૦૧૬ ઉપક્રમે મોટી સિંધોડી આવવા માટે સંપર્ક કરશો.**

## નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિરેન ગોવિંદજી મોમાયા** | ફ્લેટ નં ૫૦૩, ૫મે માળે, પ્રોગ્રેશીવ વીવા, પ્લોટ નં ૪ એ/બી, સેક્ટર નં ૨૬, વાશી, નવી મુબંઈ |
| **ઉદિત મીના ધરમશી** | એ-૨૦૨, કૈલાશ દર્શન, ગણેશ ચૌકની નજીક, નાના શંકર શેઠ રોડ, બેંક ઓફ ઈંડિયાની સામે, ડોંબિવલી (પ) ૪૨૧ ૨૦૨ |
| **રવિન્દ્ર વી. મૈશેરી** | ફ્લેટ નં ૨૦૨, સાઈ વિરાટ અપાર્ટમેન્ટ, ૧૬-૨-૧૪૭/૬૫, આનંદ નગર કોલોની, મલકપેટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૩૬ |
| **જયંતિલાલ મણીલાલ મોતા** | ૩૦૧, મોહક અપાર્ટમેન્ટ, નાંદિવલી ગાંવ, ક્રિષ્ણા હાઈટ બિલ્ડીંગની સામે, ગાંવદેવી મંદિરની નજીક, ડોંબિવલી (પૂ) ૪૨૧ ૨૦૧ |
| **પ્રતાપ પી.લાલકા** | ફ્લેટ નં ડી-૧૦૫, ૧ લે માળે, સાઈ સમૃતિ, સાઈ આશા કૉ.ઓ.હા.સો., નીલમ નગરની નજીક, ફેસ-૨, ગવનપાડા, મુલુંપ (પૂ) ૪૦૦ ૦૮૧ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૯.૧૫ | માટુંગા | જીયાન કુણાલ લહેચંદ મહેશ્વરી | નાની સિંધોડી | પુત્ર |
| ૧૩.૧૦.૧૫ | અંધેરી | રેવા-રીતુ/પ્રશાંત ભરતભાઈ ડાઘા | ગોએરસમા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૦.૧૫ | પાંચોરા | કૌશિક ખુશાલચંદ કલ્યાણજી પોલડીયા | બાયઠ | ૨૩ |
| | વિકારાબાદ | મોનિકા જયેશ લક્ષ્મીચંદ ગોસર (ભુલ સુધાર) | ગોએરસમા | ૨૨ |
| ૨૪.૧૦.૧૫ | ખામગામ | અમીત દેવચંદ ડુંગરશી મોમાયા | નલીયા | ૨૮ |
| | બુરહાનપુર | રીચા રાજેશ શામજી ધરમશી | જખૌ | ૨૧ |
| ૨૫.૧૦.૧૫ | શિહોર | મનિષ દીનેશ લાલજી ડાઘા | વરાડીયા | ૩૦ |
| | જખૌ | મિનાક્ષી દિલીપ પાશ્વીર ખોના | નલીયા | ૨૮ |
| ૨૫.૧૦.૧૫ | પુના | આકાશ દીપક રતનશી લોડાયા | સાંયરા | ૨૬ |
| | મુલુંડ | સુપ્રિયા ચેતન શાંતીલાલ ડાઘા | વરાડીયા | ૨૨ |
| ૨૭.૧૦.૧૫ | ડોંબિવલી | હેમંત જયંતિલાલ મણીલાલ મોતા | રાપરગઢ | ૨૯ |
| | ડોંબિવલી | કાજલ લક્ષ્મીચંદ કેશવજી લોડાયા | અરીખાણા | ૨૬ |
| ૨૭.૧૦.૧૫ | મુલુંડ | આકાશ શાંતીલાલ ગોવિંદજી લાલકા | લાલા | ૨૩ |
| | ડોંબિવલી | તેજલ પંકજ વિશનજી ખોના | તેરા | ૨૩ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૧૦.૧૫ | કલવા | વીરલ હંસકુમાર સોજપાર મોતા | કુવાપધર | ૩૦ |
| | કલવા | પૂનમ રાજેન્દ્ર ક્રિષ્ણા શેઠી | મેગ્લોર | ૨૬ |

### છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૨.૧૪ | ડોંબિવલી | જીગ્નેશ પદમશી સોજપાર મોતા(ભુલ સુધાર) | કુવાપધર | ૩૩ |
| | ગાંધીધામ | વિધાતા લબ્ધીકુમાર બી.મોમાયા | મોટી ખાવડી | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૧૦.૧૫ | અમદાવાદ | પુષ્પાબેન પ્રવિણચંદ જેતશી દંડ | સેવક ભરૂડીયા | ૬૦ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# મોતા અને દંડ પરિવારનું ગૌરવ



## ચિ. અવની ગીરીશ શાંતીલાલ મોતા (ગામ લાલા)

**હાર્દિક અભિનંદન...** DOB : 22/4/93

અવની "Adobe Certificate Exam" Photoshop ની International Level Exam માં પ્રથમ નંબરે ઉર્તિણ થઈ છે. સાથે જ અવનીએ B.Com, M.com (1st class) N.M. College, B.Sc (Degree in Animation Specialisation in editing & composing) From Maac, Diploma course in Early Childhood Care & Education) અભ્યાસ કરેલ છે.

આ સિધ્ધી બદલ અવનીને હાર્દિક અભિનંદન અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ સહ

દાદાણા : માતુશ્રી ધનલક્ષ્મી શાંતિલાલ મોતા પરિવાર
માતા-પિતા : સૌ. રીટા ગિરિશ મોતા
બહેન : કુ. સિમરન ગીરીશ મોતા
નાનાણા : માતુશ્રી મધુરી નવીન હીરજી દંડ (લાલા-વેરાવળ)
જયા વીરચંદ નરશી સોની (સુથરી - જુહુ)

Best Wishes :
**Hotel Sea View, A Beach Resort, Alibaug**
Phone : 93246 24080 / 98505 52003

# દ્વિતિય પુણ્યસ્મરણ

જન્મ : તા.૨૪-૦૭-૧૯૬૭
અરિહંત શરણ : તા.૨૫-૧૦-૨૦૧૩



ગામ : દલતુંગી
હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

## સ્વ. અ.સૌ. રેખા હિંમતલાલ લાપસિયા

સદા હસતી રહી તું, દુ:ખ દેખાડયું નહીં, કદી ન ભૂલાશે, સદા આસપાસ રહેશે તું...
સહજ, સરળતાથી કહી દેતી તું, ખોટ ના પૂરાશે કદી તારી,
મમતાની મૂર્તિ, સ્નેહની સરીતા તું...

### શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

સાસુજી : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા • જીવનસાથી : શા. હિમતલાલ લીલાધરભાઈ લાપસિયા
જેઠ-જેઠાણી : શા. રમેશ - સૌ. રમીલા, શા. સુભાષ - સૌ. સુમન, શા. વિજય - સૌ. હંસા • દીયર-દેરાણી : શા. પંકજ - સૌ. વિશાખા
પુત્રી : દિશા, નિધી • ભત્રીજા-ભત્રીજી : સૌ.મનિષા નિલેશ દંડ, સૌ.રિકુ ભાવિન લોડાયા, સૌ.નમ્રતા નિકુંજ દંડ, પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય, પુજા, વામા
માતા-પિતા : અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ - શા. શામજી પેથરાજ શીયાલ • ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના બીપીન શીયાલ - શા. બીપીન શામજી શીયાલ
બહેન-બનેવી : અ.સૌ. પ્રવીણા વિજય લોડાયા - શા. વિજય વિસનજી લોડાયા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# હાર્દિક અભિનંદન

## દંડ તથા મૈશેરી પરિવારનું ગૌરવ







### ચિ. રોનક જી. દંડ

Successfully completed **M.Tech** in
**Construction Technology & Management**
from IIT Delhi with CGPA of **8.75.**
He stand 1st in his department.
He has also published 2 Papers to his credit &
has joined L&T as Senior Engineer

### ચિ. શ્વેતા જી. દંડ

Has successfully completed **B.Sc** in
**Faishon Designing** with **1st Class.**
She has also been conferred
with the Best Designer Award

-: શુભાશિષ :-

દાદાણા : માતુશ્રી હંસાબેન ચિમનલાલ દંડ (ગામ : લાલા - હાલ : કોઈમ્બતુર)
નાનાણા : માતુશ્રી ઈન્દુમતીબાઈ મણીકાંત મૈશેરી (ગામ : નલિયા - હાલ : ઈરોડ)
માતા-પિતા : શ્રીમતી હિના જીતેન દંડ (હાલ : કોઈમ્બતુર)

શુભેચ્છાસહ : **શ્રી શક્તિ કુરિયર** - કોઈમ્બતુર • મો.: 090430 32018 / 088704 19929

## કે.ડી.ઓ. ક્લાસિકની વાર્ષિક સભા - શરદોત્સવ






## હાર્દિક અભિનંદન



### મેહુલ અરૂણ ધરમશી

BE (ECE) (ચેન્નઈ)
**L & T INFOTECH**
કંપની તરફથી
Project Work માટે
તા. ૨૫-૧૦ ૨૦૧૫ના
**DENMARK** (COPENHAGEN)
જવા રવાના થયેલ છે.

✻ શુભેચ્છક ✻

માતા-પિતા : શ્રીમતી જયશ્રી અરૂણ ધરમશી
(Re. Ph.: **090431 52642** (Chennai)
ભાઈ : સાગર અરૂણ ધરમશી (Working at (TCS) Chennai)
દાદાણા : માતુશ્રી લક્ષ્મીબાઈ પાશ્વીર ધરમશી - તેરા
નાનાણા : માતુશ્રી નિર્મળાબાઈ વીરચંદ છેડા - સુજાપુર (રાયપુર)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,